


# ન્યુઝ 4 કચ્છ

'વાત કચ્છીયતની'

RNI No. GujGuj/2023/87263 | તંત્રી : જય દિનેશભાઇ દવે | News4Kutch Daily


**સુવિચાર**
હારવાના ભય કરતા
જીતવાની મહત્વકાંક્ષા
વધારે હશે તો સફળતા
તમારા હાથ માં હશે


News Help Line : 78 74 88 99 33 | વર્ષઃ ૦૨ અંક : ૧૦ તા.૨૪.૦૭.૨૦૨૪, બુધવાર પાનાઃ ૬ કિંમતઃ રૂા.૧ રજી.ઓફિસઃ ૯, માતૃભવ, સત્યમ સોસાયટી, ભુજ(કચ્છ) ૩૭૦૦૦૧ Email: news4kutchinfo@gmail.com

Year : 02 Issue : 10 Dt. 24-07-2024, Wednesday Page : 6 Price : Rs. 1 Office : 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch 370001 Mob: 7874889933 Email : news4kutchinfo@gmail.com


# બજેટે નિરાશ કર્યા...કે આ બજેટ દેશને નવી શક્તિ-સમૃદ્ધિ તરફ લઈ જશે !

**નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સતત સાતમી વખત બજેટ રજૂ કરવાનો રેકોર્ડ બનાવવા સાથે અનેક મહત્વની જાહેરાત કરી છે. જેમાં પહેલી નોકરી કરનારને ૧૫ હજાર તથા ખેતી,સરક્ષંણ,ગરીબ વર્ગને ધ્યાન રાખી અનેક મહત્વની જાહેરાત કરાઈ હતી જો કે કોંગ્રેસે આક્ષેપ કરતા બજેટને પોતાનો મેનીફેસ્ટો હોવાનુ ગણાવ્યુ હતુ. અને સરકારને બચાવતુ બજેટ હોવાનુ કહ્યુ હતુ. કેન્દ્રીય બજેટમાં આંધપ્રદેશ-બિહારને વિશેષ પેકેજની પણ જાહેરાત કરાઈ હતી વડાપ્રધાને કહ્યુ આ બજેટ દેશમાં સમૃદ્ધિ લાવશે અને મધ્યમ વર્ગને નવી તાકાત આપશે**

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે મોદી સરકારના ત્રીજા કાર્યકાળનું પ્રથમ બજેટ રજૂ કર્યું હતુ નિર્મલા સીતારમણે બજેટમાં અનેક મહત્વની જાહેરાતો કરી છે. ઉલ્લેખનીય છે કે બજેટ રજૂ કરતા દરમિયાન નાણામંત્રીએ કહ્યું હતું કે સરકારનું ધ્યાન 'ગરીબો, મહિલાઓ, ખેડૂતો અને યુવાનો પર છે. બજેટ માં આવકવેરાના સ્લેબમાં મોટા ફેરફારોની જાહેરાત કરાઈ છે. હવે સ્ટાન્ડર્ડ ડિડક્શન લિમિટ ૫૦ હજાર રૂપિયાથી વધારીને ૭૫ હજાર રૂપિયા કરવામાં આવી છે. આ સિસ્ટમમાં ૩ લાખ રૂપિયા સુધીની આવક પર કોઈ ટેક્સ લાગશે નહીં. ૩ થી ૭ લાખ રૂપિયાની આવક પર ૫ ટકા ટેક્સ ચૂકવવો પડશે. જો આવક ૭ થી ૧૦ લાખ રૂપિયા હોય તો ૧૦ ટકાના દરે ઈક્મ ટેક્સ વસૂલવામાં આવશે.૧૦ થી ૧૨ લાખની કરપાત્ર આવક પર ૧૫ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે. તેમજ ૧૨ થી ૧૫ લાખની કરપાત્ર આવક પર ૨૦ ટકા ટેક્સ ભરવો પડશે. આ ઉપરાંત ૧૫ લાખથી વધુની કરપાત્ર આવક પર ૩૦ ટકાના દરે ટેક્સ વસૂલવામાં આવશે.ભારતની આર્થિક પ્રગતિ સાચા માર્ગ પર છે. ભારતનો ફુગાવો નીચો અને સ્થિર છે. ભારતમાં ફુગાવાનો દર ૪ ટકાના લક્ષ્ય તરફ છે. ભારતની અર્થવ્યવસ્થા વિશ્વની સરખામણીમાં ઘણી સારી સ્થિતિમાં છે.રોજગારીની તકો માટે ૫ યોજનાઓ જાહેર કરવામાં આવી છે. વચગાળાના બજેટમાં અમે વિકસિત ભારત માટે રોડમેપનું વચન આપ્યું હતું. સરકારે રોજગાર માટે ૨ લાખ કરોડ રૂપિયાના પેકેજની જાહેરાત કરી છે.નાણામંત્રી નિર્મલા સીતારમણે તેમના બજેટ ભાષણમાં કહ્યું હતું કે 'સરકાર આગામી પાંચ વર્ષમાં ટોપ-૫૦૦ કંપનીઓમાં એક કરોડ યુવાનોને ઈન્ટર્નશિપની તક આપશે. આ ઈન્ટર્નશિપ ૧૨ મહિના માટે હશે. આમાં, યુવાનોને વ્યવસાયના વાસ્તવિક વાતાવરણને જાણવાની અને વિવિધ વ્યવસાયોના પડકારોને જાણવાની તક મળશે.આ અંતર્ગત યુવાનોને દર મહિને ૫૦૦૦ રૂપિયાનું ભથ્થું પણ આપવામાં આવશે. આટલું જ નહીં, તેમને છ હજાર રૂપિયા એકમુશ્ત મદદ તરીકે આપવામાં આવશે. કંપનીઓએ તેમની કોર્પોરેટ સામાજિક જવાબદારીના ભાગરૂપે તાલીમ ખર્ચ અને ૧૦ ટકા ઈન્ટર્ન શિપ ખર્ચ સહન કરવો પડશે.નાણામંત્રીએ દેશના પૂર્વના રાજ્યોના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. કેન્દ્રએ બિહાર, ઝારખંડ, પશ્ચિમ બંગાળ, ઓડિશા અને આંધ્ર પ્રદેશના વિકાસ માટે પૂર્વોદય યોજનાની જાહેરાત કરી છે. આ અંતર્ગત માનવ સંસાધન વિકાસ અને મૂળભૂત વિકાસ પર ધ્યાન આપવામાં આવશે. આ યોજનામાં બિહાર માટે ઘણી ભેટની જાહેરાત કરાઈ છે. અમૃતસર-કોલકાતા ઈન્ડસ્ટ્રીયલ કોરિડોર હેઠળ ગયામાં એક ઔદ્યોગિક કેન્દ્ર બનાવવામાં આવશે. સાંસ્કૃતિક કેન્દ્રોને આધુનિક આર્થિક કેન્દ્રો તરીકે વિકસાવવામાં આવશે.આ મોડલનું નામ હશે 'વિકાસ ભી વિરાસત ભી'.ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે આ વખતે બજેટમાં ૧.૫૨ લાખ કરોડની મસમોટી જાહેરાત કરવામાં આવી છે. આ ફંડની મદદથી કૃષિ ક્ષેત્રને બને તેટલો ફાયદો પહોંચાડવાનો પ્રયાસ કરાશે. ખેતીની ઉત્પાદકતા વધારવા માટે પગલાં લેવામાં આવશે. વધારે ઉપજ આપતા પાકની જાતો (પ્રકાર)નો ઉપયોગ કરવામાં આવશે. આ ઉપરાંત મુદ્રા લોનની મર્યાદા ૧૦ લાખ કરોડ રૂપિયાથી વધારીને ૨૦ લાખ કરોડ રૂપિયા કરવામાં આવી છે. નાણામંત્રીએ પીએમ અર્બન હાઉસિંગ પ્લાન માટે ૧૦ લાખ કરોડ રૂપિયાની જાહેરાત કરી છે. નાણામંત્રીએ કહ્યું કે રેન્ટલ હાઉસિંગને પ્રોત્સાહન અને રેગ્યુલેશન કરવા માટે નિયમો બનાવવામાં આવશે. સ્ટેમ્પ ડ્યુટી ઘટાડનારા રાજ્યોને પ્રોત્સાહન આપવામાં આવશે. એનર્જી ટ્રાંન્જિશન માટે નવી નીતિ લાવવામાં આવશે. એક કરોડ ઘરો માટે પીએમ સૂર્યઘર મફત વીજળી યોજનાની જાહેરાત કરવામાં આવી છે.મહિલાઓના નામની નોંધણી પર સ્ટેમ્પ ડ્યુટીમાં રાહતનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો છે. નાના ન્યુક્લિયર પાવર પ્લાન્ટ ખાનગી ક્ષેત્રના સહયોગથી બનાવવામાં આવશે.મહિલાઓ અને છોકરીઓને લાભ આપતી યોજનાઓ માટે ૩ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. ઈન્ડિયા પોસ્ટ પેમેન્ટ બેંકની ૧૦૦ થી વધુ શાખાઓ ઉત્તર-પૂર્વ ક્ષેત્રમાં સ્થાપિત કરવામાં આવશે. રાષ્ટ્રની ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે પોલાવરમ સિંચાઈ યોજના પૂર્ણ કરવામાં આવશે. વિશાખાપટ્ટનમ-ચેન્નઈ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં કોપર્થી વિસ્તાર અને હૈદરાબાદ-બેંગલુરુ ઈન્ડસ્ટ્રીયલ કોરિડોરમાં ઓરવાકલ વિસ્તારના વિકાસ માટે ફંડ આપવામાં આવશે.કેન્દ્રીય બજેટ ૨૦૨૪-૨૫ માં દર વર્ષે ૨૫,૦૦૦ વિદ્યાર્થીઓની મદદ માટે મોડેલ સ્કીલ લોન યોજનામાં સુધારાનો પ્રસ્તાવ મૂકાયો છે. ઘરેલુ સંસ્થાનોમાં હાયર એજ્યુકેશન માટે ૧૦ લાખ રૂપિયા સુધીની લોન માટે ઈ વાઉચર દર વર્ષે ૧ લાખ વિદ્યાર્થીઓને સીધી લોન રકમના ૩%ની વાર્ષિક વ્યાજ છૂટ માટે અપાશે.સરકારે આ વખતે તેની નવ પ્રાથમિકતા નક્કી કરી છે જેમાંથી એક રોજગાર અને કૌશલ્ય વિકાસ છે. તે હેઠળ પહેલીવાર નોકરી કરનારાઓને મોટી મદદ કરાશે..પ્રથમ વખત ઔપચારિક ક્ષેત્રમાં નોકરી શરૂ કરનારાઓને એક મહિનાનો પગાર આપવામાં આવશે. આ પગાર ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર દ્વારા ત્રણ હપ્તામાં આપવામાં આવશે. તેની મહત્તમ રકમ ૧૫ હજાર રૂપિયા હશે. નોંધાયેલા લોકોને આ મદદ મળશે. તેની એલિજિબિલિટી મર્યાદા ૧ લાખ રૂપિયા પ્રતિ માસ હશે. તેનાથી ૨.૧૦ કરોડ યુવાનોને ફાયદો થશે.ઉપરાંત બજેટમાં અન્ય મોટી જાહેરાતો પણ કરવામાં આવી છે. જેમાં વિષ્ણુપદ મંદિર, ગયા અને મહાબોધિ મંદિર, બોધગયા બંનેમાં કોરિડોર બનાવવાની જાહેરાત કરવામાં આવી છે. કાશી વિશ્વનાથ મંદિર માટે બનાવવામાં આવેલા કોરિડોર હેઠળ વિકાસ કરવામાં આવશે.રાજગીર બૌદ્ધ અને જૈન ભક્તો માટે પણ મહત્વપૂર્ણ છે. રાજગીરના યાત્રાધામ વિસ્તારોનો પણ વિકાસ કરવામાં આવશે. નાલંદાને પ્રવાસન કેન્દ્ર તરીકે પણ વિકાસ કરવામાં આવશે. આ સિવાય નેશનલ રિસર્ચ ફંડ શરૂ કરવામાં આવશે. તેમજ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર જીડીપીના ૩.૪ ટકા જેટલું રોકાણ કરવામાં આવશે.




## કુદરતે વરસાદી બજેટમાં કચ્છીઓને ખુશ કર્યા



આજે કેન્દ્રીય બજેટની જાહેરાત થઇ હતી જેમાં કચ્છના લોકો કેટલાક ખુશ થયા કે નહી તેનો વર્તારો મળ્યો નથી પરંતુ કુદરતે કચ્છને વરસાદ રૂપી બજેટમાં ઘણુ આપ્યુ હતુ. ખાસ કરીને અબડાસા,મુન્દ્રા,માંડવી,લખપત,ભુજ સહિત કચ્છના તમામ તાલુકામાં વરસાદ પડતા કચ્છમાં અબાલ,વૃધ્ધ,મહિલા,ખેડુતો સહિતનાને રાજી કરી દીધા હતા. હા ક્યાક મુશ્કેલી સર્જાઇ હતી. પરંતુ કુદરતના વરસાદી બજેટથી કચ્છમાં ખુશી છવાઇ હતી અને તમામે વરસાદના બજેટનો આવકાર્યો હતો ધણા સમયથી કચ્છને આશા હતી કે કુદરત આ વખતે મનમુકીને કચ્છમાં હેત વરસાવે ત્યારે કુદરતે તમામ લોકોને ખુશ કરતુ વરસાદી બજેટ સોમવાર રાતથી મંગળવારે સમગ્ર દિવસ દરમ્યાન જાહેર કરતા તમામે તેને વધાવ્યુ હતુ નખત્રાણા-અબડાસામાં વરસાદી બજેટથી આગામી સમયમાં ખેતી-પશુપાલન અને લોકોની જીવાદોરી સમાન ડેમ,તળાવો છલકાવી દીધા હતા.



## ભારતીય શેરબજારમાં બજેટ પર મિશ્ર પ્રતિસાદ



ભારતીય શેરબજારમાં બજેટ-૨૦૨૪ પર મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. સહેજ પતન સાથે બંધ થયું. બોમ્બે સ્ટોક એક્સચેન્જ ઈન્ડેક્સ સેન્સેક્સ આજે ૨૨૨ પોઈન્ટના વધારા સાથે ૮૦,૭૨૪.૩૦ પર ખુલ્યો હતો. ટ્રેડિંગ દરમિયાન તે મહત્તમ ૮૦,૭૬૬.૪૧ પોઈન્ટ્સ અને ન્યૂનતમ ૭૯,૨૨૪.૩૨ પોઈન્ટ્સ પર પહોંચ્યો હતો. સેન્સેક્સ આજે ૦.૦૯ ટકા અથવા ૭૩ પોઈન્ટ ઘટીને ૮૦,૪૨૯ પર બંધ રહ્યો હતો. તે જ સમયે, નેશનલ સ્ટોક એક્સચેન્જનો સૂચકાંક નિફ્ટી આજે ૦.૧૨ ટકા અથવા ૩૦ પોઈન્ટના ઘટાડા સાથે ૨૪,૪૭૯ પર બંધ થયો હતો. માર્કેટ ક્લોઝિંગ સમયે નિફ્ટીના ૫૦ શેરોમાંથી ૨૦ શેર લીલા નિશાન પર, ૨૯ શેર લાલ નિશાન પર અને ૧ શેર કોઈપણ ફેરફાર વગર ટ્રેડ થતા જોવા મળ્યા હતા.નિફ્ટી શેર્સમાં આજે સૌથી વધુ વધારો ટાઈટનમાં ૬.૫૬ ટકા આઈટીસીમાં ૬.૫૨ ટકા, ટાટા કન્ઝ્યુમરમાં ૪.૪૨ ટકા,એનટીપીસીમાં ૨.૭૮ ટકા અને અદાણી પોર્ટ્સમાં ૨.૭૭ ટકાનો વધારો નોંધાયો હતો. તે જ સમયે, સૌથી મોટો ઘટાડો લાર્સન એન્ડ ટુબ્રોમાં ૩ ટકા, હિન્દાલ્કોમાં ૨.૯૭ ટકા, શ્રીરામ ફાઈનાન્સમાં ૨.૭૯ ટકા, બજાજ ફાઈનાન્સમાં ૨.૨૭ ટકા અને ઓએનજીસીમાં ૧.૮૪ ટકા નોંધાયો હતો.નાણા પ્રધાન નિર્મલા સીતારમણે મંગળવારે ફ્યુચર્સ એન્ડ ઓપ્શન્સ ટ્રેડિંગમાં સિક્યોરિટીઝ ટ્રાન્ઝેક્શન ટેક્સ દર વધારવાનો પ્રસ્તાવ મૂક્યો હતો. આ નિર્ણયનો હેતુ જોખમી વ્યવસાયમાં રિટેલ રોકાણકારોની ભાગીદારી ઘટાડવાનો છે. "સિક્યોરિટીઝમાં ઓપ્શન્સના વેચાણ પરના એસટીટી નો દર ઓપ્શન પ્રીમિયમના ૦.૦૬૨૫ ટકાથી વધારીને ૦.૧ ટકા અને સિક્યોરિટીઝમાં ફ્યુચર્સના વેચાણ પરના એસટીટીનો દર આવા ફ્યુચર્સની ટ્રેડેડ કિંમતના ૦.૦૧૨૫ ટકાથી વધારીને," તેમણે તેને ઘટાડીને ૦.૦૨ ટકા કરવાનો પ્રસ્તાવ છે.

## ડિફેન્સ બજેટમાં ૬૮ હજાર કરોડનો વધારો



આ વખતે કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે પોતાના બજેટના ૧૨.૯ ટકા સંરક્ષણ માટે ફાળવ્યા છે. પરંતુ વચગાળાના બજેટમાં આમાં નોંધપાત્ર ઘટાડો કરવામાં આવ્યો હતો. આ વખતે સંરક્ષણ બજેટ માટે ૬,૨૧,૯૪૦ કરોડ રૂપિયાની જાહેરાત કરવામાં આવી છે. જ્યારે વચગાળાના બજેટમાં આ જાહેરાત ૬,૨૧,૫૪૧ કરોડ રૂપિયાની હતી. ગયા વર્ષનું સંરક્ષણ બજેટ ૫.૯૩ લાખ કરોડ રૂપિયાથી થોડું વધારે હતું. નાણામંત્રીએ આ સંરક્ષણ બજેટમાં રૂ. ૧.૦૫ લાખ કરોડની જાહેરાત માત્ર એટલા માટે કરી છે જેથી દેશની કંપનીઓ પાસેથી સંરક્ષણની ખરીદી અને વેચાણ આત્મનિભર ભારત હેઠળ થઈ શકે. સરહદની સુરક્ષા માટે રસ્તાઓનું નિર્માણ જરૂરી છે, તેથી આ વખતે બોર્ડર રોડ માટે બજેટમાં ૩૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. આ માટે ૬૫૦૦ કરોડ રૂપિયા આપવામાં આવ્યા છે.ઈડેક્સ યોજના હેઠળ સંરક્ષણ સ્ટાર્ટઅપ્સ માટે રૂ. ૫૧૮ કરોડની જાહેરાત કરવામાં આવી છે. જેથી નવા હથિયારો અને ટેક્નોલોજી વિકસાવી શકાય.જો ગયા વર્ષના સંરક્ષણ બજેટ સાથે સરખામણી કરવામાં આવે તો આ વર્ષે સંરક્ષણ બજેટમાં રૂ. ૬૮,૮૩૪ કરોડનો વધારો કરવામાં આવ્યો છે. જ્યારે વર્ષ ૨૦૨૨-૨૩માં આ બજેટ ૫.૨૫ લાખ કરોડ રૂપિયાથી થોડું વધારે હતું. આ વખતે બજેટનો ૨૭.૬૭ ટકા કેપિટલ એક્વિઝિશન એટલે કે રૂ. ૧.૭૨ લાખ કરોડ છે.ભારતનું વાર્ષિક સંરક્ષણ ઉત્પાદન ૨૦૨૩-૨૪માં તેના સર્વોચ્ચ સ્તરે પહોંચવાનું હતું. આ સમયગાળા દરમિયાન આશરે ૧.૨૭ લાખ કરોડ રૂપિયાનું સંરક્ષણ ઉત્પાદન થયું હતું. જે ગયા વર્ષના રૂ. ૧.૦૯ લાખ કરોડ કરતા ઘણો વધારે છે. સંરક્ષણ મંત્રાલયે ત્રણ વર્ષમાં ભારતીય કંપનીઓ પાસેથી ૧૨,૩૦૦ સંરક્ષણ ઉત્પાદનોની ખરીદી અને ઉત્પાદન કર્યું છે. સ્થાનિક સંરક્ષણ ઉત્પાદન વધી રહ્યું છે.અનુમાન મુજબ,ભારતીય સૈન્ય આગામી પાંચથી છ વર્ષમાં ૧૩૦ અબજ ડોલરની મૂડી પ્રાપ્તિ કરશે. એટલે કે રૂ.૧૦.૮૮ લાખ કરોડ. સરકાર વિદેશમાંથી લઘુત્તમ સંરક્ષણ ઉત્પાદનો, સાધનો અને શસ્ત્રો ખરીદવાની યોજના ધરાવે છે.

## જાણો શું છે સસ્તું અને શું મોંઘું...

**શું સસ્તુ :** કેન્સર સંબંધિત ત્રણ દવાઓ પરથી કસ્ટમ ડ્યુટી હટાવી. એક્સ-રે ટ્યુબ અને ફ્લેટ પેનલ ડિટેક્ટર પરની આયાત ડ્યૂટી પણ દૂર કરવામાં આવી હતી. મોબાઈલ ફોન અને પાર્ટ્સ-પીસીબી અને મોબાઈલ ફોન ચાર્જર પર કસ્ટમ ડ્યૂટીમાં ૧૫ ટકાનો ઘટાડો. ૨૫ આવશ્યક ખનિજો પર કોઈ કસ્ટમ ડ્યુટી નથી. સોલાર સેલ અને સોલર પેનલના ઉત્પાદન પર કર મુક્તિ. સોના અને ચાંદી પર કસ્ટમ ડ્યુટી ઘટાડીને છ ટકા કરવામાં આવી હતી. જ્વેલરી સસ્તી થશે. પ્લેટિનમ પર કસ્ટમ ડ્યુટી હવે ઘટાડીને ૬.૪ ટકા કરી દેવામાં આવી છે. માછલી અને અન્ય જળચર પ્રાણીઓની ખાદ્ય ચીજ-વસ્તુઓ પરની આયાત જકાત વધારીને પાંચ ટકા કરવાનો નિર્ણય.

**શું મોંઘુ :** પીવીસી ફ્લેક્સ બેનરો આયાત કરવા મોંઘા પડશે. કેટલાક ટેલિકોમ સાધનોની આયાત મોંઘી થશે. મૂળભૂત કસ્ટમ ડ્યુટી ૧૦% થી વધીને ૧૫% થઈ. મેક ઈન ઈન્ડિયા હેઠળ દેશમાં બનતા સસ્તા ઘરેલુ ઉત્પાદનો ને પ્રોત્સાહન આપવાની સરકારની જાહેરાત. એક વર્ષથી વધુ સમય માટે રાખવામાં આવેલ ઈક્વિટી રોકાણ મોંઘા બનશે. ટેક્સ ૧૫% થી વધારીને ૨૦% કરવામાં આવ્યો. એક વર્ષથી વધુ સમયથી રાખવામાં આવેલા શેર મોંઘા થશે. ટેક્સ ૧૦ ટકાથી વધારીને ૧૨.૫ ટકા કરવામાં આવ્યો છે. એમોનિયમ નાઈટ્રેટ પરની આયાત જકાતમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. બિન-ડિગ્રેડેબલ પ્લાસ્ટિક મોંઘું થશે. આયાત ડ્યુટીમાં ૨૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે.

## કૃષિ ક્ષેત્ર માટે ૧.૫૨ લાખ કરોડની જોગવાઈ



સામાન્ય ચૂંટણી પછી આવેલા આ બજેટમાં સરકારની જાહેરાતો પર સૌની નજર ટકેલી હતી. આવી સ્થિતિમાં ખેડૂતોને પણ આ બજેટ પાસેથી ઘણી અપેક્ષાઓ હતી અને સરકારે તેમના માટે ઘણી મહત્વની જાહેરાતો પણ કરી હતી. દેશના નાણામંત્રી નિર્મલા સીતારમણે મંગળવારે સંસદમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૪ રજૂ કર્યું. આ વર્ષના બજેટમાં ખેડૂતો પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું છે અને ખેડૂતોની આવક વધારવા માટે અનેક પગલાં લેવામાં આવ્યા છે. ખેડૂતો અને કૃષિ ક્ષેત્ર માટે બજેટમાં ૧.૫૨ લાખ કરોડ રૂપિયાની જોગવાઈ કરવામાં આવી છે. આ ભંડોળથી કૃષિ અને સંબંધિત ક્ષેત્રો માટે યોજનાઓ બનાવવામાં આવશે.બજેટ ૨૦૨૪માં કેન્દ્ર સરકારનું ધ્યાન કૃષિ માળખાને મજબૂત કરવા, કૃષિમાં ટેક્નોલોજીને પ્રોત્સાહન આપવા અને કુદરતી ખેતી તરફ ખેડૂતોનો ઝોક વધારવા પર છે. જો કે, વડાપ્રધાન કિસાન સન્માન નિધિ અને એમએસપીની રકમમાં વધારાને લઈને બજેટમાં કોઈ જાહેરાત કરવામાં આવી નથી.દેશના ૪૦૦ જિલ્લાઓમાં ડીપીઆઈનો ઉપયોગ કરીને ખરીફ પાકોનું ડિજિટલ સર્વે હાથ ધરવામાં આવશે.,જન સમર્થ આધારિત કિસાન ક્રેડિટ કાર્ડ પાંચ રાજ્યોમાં જારી કરવામાં આવશે.,લોબસ્ટર બ્રૂડસ્ટોક માટે કેન્દ્રિય સંવર્ધન કેન્દ્રોનું નેટવર્ક સ્થાપવા માટે નાણાકીય સહાય પૂરી પાડવામાં આવશે.,ગ્રામીણ અર્થવ્યવસ્થા ના વિકાસ અને રોજગાર સર્જનને વેગ આપવાના ઉદ્દેશ્ય સાથે રાષ્ટ્રીય સહકાર નીતિ તૈયાર કરવામાં આવશે.,૩૨ કૃષિ અને બાગાયત વિસ્તારોમાં પાકની ૧૦૯ ઉચ્ચ ઉપજ અને આબોહવા અનુકૂળ જાતો ખેડૂતોને મુક્ત કરવામાં આવશે.,અમલીકરણમાં મદદ કરવા માટે ૧૦ હજાર જરૂરિયાત આધારિત બાયો-ઈનપુટ સંસાધન કેન્દ્રો સ્થાપવામાં આવશે.,પ્રમાણપત્ર અને બ્રાન્ડિંગ દ્વારા દેશભરના ૧ કરોડ ખેડૂતોને કુદરતી ખેતીનો પરિચય કરાવવામાં આવશે.,તેલીબિયાં માટે આત્મનિભરતા હાંસલ કરવા માટે, 'સ્વ-નિર્ભર તેલીબિયાં અભિયાન' શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી હતી. પશુ પાલન, ડેરી અને માછીમારી માટે ૨૦ લાખ કરોડ રૂપિયાના કૃષિ ધિરાણની જાહેરાત કરવામાં આવી હતી. ઉપરાંત, પીએમ મત્સ્ય સંપદા યોજના હેઠળ, ૬,૦૦૦ કરોડ રૂપિયાના રોકાણનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો હતો.

## બજેટ દેશને સમૃદ્ધિ તરફ લઈ જશે : પીએમ



વડાપ્રધાન મોદીએ બજેટમાં કરાયેલી જોગવાઈઓ પર ખુશી વ્યક્ત કરતા કહ્યું કે આ બજેટ દેશને સમૃદ્ધિ તરફ લઈ જશે અને આ બજેટમાં સમાજના તમામ વર્ગોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. વડા પ્રધાને કહ્યું કે 'આ એક એવું બજેટ છે જે તાકાત આપે છે. આ એક એવું બજેટ છે જે ખેડૂતો અને યુવાનોને પ્રગતિના પંથે લઈ જશે. છેલ્લા ૧૦ વર્ષમાં ૨૫ કરોડ લોકો ગરીબીમાંથી બહાર આવ્યા છે. તેમની આર્થિક પ્રગતિમાં સાતત્યતા માટે આ બજેટ છે. આ એક એવું બજેટ છે જે યુવાનોને અગણિત તકો આપશે. આ બજેટ મધ્યમ વર્ગને નવી તાકાત આપશે. તે આદિવાસી સમાજ, દલિતો અને પછાત લોકોના સશક્તિકરણ માટે મજબૂત યોજનાઓ સાથે આવી છે. આ બજેટ મહિલાઓની આર્થિક ભાગીદારીને સુનિશ્ચિત કરવામાં મદદ કરશે.વડાપ્રધાન મોદીએ કહ્યું, 'આ બજેટથી વેપારીઓ અને નાના ઉદ્યોગોને પ્રગતિનો નવો માર્ગ મળશે. બજેટમાં ઉત્પાદન અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર પર પણ ભાર મૂકવામાં આવ્યો છે. આનાથી આર્થિક વિકાસને વેગ મળશે અને ગતિ પણ જળવાઈ રહેશે. રોજગાર અને સ્વરોજગાર બનાવવો એ અમારી સરકારની ઓળખ રહી છે. આજનું બજેટ તેને વધુ મજબૂત કરે છે. વડાપ્રધાનના કહેવા પ્રમાણે, 'આ બજેટમાં સરકારે રોજગાર સાથે જોડાયેલ પ્રોત્સાહનની જાહેરાત કરી છે. આ યોજના હેઠળ, અમારી સરકાર તેમના જીવનની પ્રથમ નોકરી મેળવનાર યુવાનોને પ્રથમ પગાર આપશે. સ્કીલ ડેવલપમેન્ટ અને હાયર એજ્યુકેશન માટે મદદ હોય કે એક કરોડ યુવાનો માટે ઈન્ટર્નશીપ સ્કીમ, આ યુવાનો કરશે, ગરીબો કરશે, મારા પુત્ર-પુત્રીઓ દેશની ટોચની કંપનીઓમાં કામ કરશે. તેમના માટે શક્યતાઓના નવા દરવાજા ખુલશે.

## બિહાર-આંધ્રને બજેટમાં નમન ફળ્યા



લોકસભામાં બજેટ ૨૦૨૪ની રજૂઆત પહેલા તમામની નજર બિહાર અને આંધ્રપ્રદેશને મોદી સરકારની તિજોરીમાંથી શું મળશે તેના પર હતી. નાણામંત્રી નિર્મલા સીતારમણે આંધ્રપ્રદેશ અને બિહારના લોકોને નિરાશ કર્યા નથી. નાણામંત્રી નિર્મલા સીતારમણે બજેટમાં બિહાર અને આંધ્રપ્રદેશને મોટી ભેટ આપી છે. આંધ્રપ્રદેશને ખાસ પેકેજની ભેટ મળી છે. નાણામંત્રીએ કહ્યું કે પુનર્ગઠન સમયે કરેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે. રાજ્યને વિશેષ પેકેજની ભેટ મળ્યા બાદ સીએમ ચંદ્રબાબુ નાયડુએ ખુશી વ્યક્ત કરી હતી. બજેટ બાદ તેમણે નાણામંત્રી નિર્મલા સીતારમણને શુભેચ્છા પાઠવી હતી. તેમણે સોશિયલ મીડિયા હેન્ડલ પર લખ્યું કે રાજ્યમાં પછાત વિસ્તારો ના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવા બદલ હું તેમનો આભાર માનું છું. મોદીસરકારે બજેટમાં આંધ્રપ્રદેશને ઘણી ભેટ આપી. નાણામંત્રીએ કહ્યું કે પુનર્ગઠન સમયે કરેલા તમામ વચનો પૂરા કરવામાં આવશે. આંધ્રપ્રદેશ માટે લગભગ ૧૫ હજાર કરોડ રૂપિયાનું પેકેજ આપવામાં આવશે. બજેટ ૨૦૨૪ જનતા દળ (યુનાઈટેડ) એ મંગળવારે કેન્દ્રીય બજેટમાં બિહાર માટે કરવામાં આવેલી ઘણી જાહેરાતો નું સ્વાગત કર્યું અને કહ્યું કે આ વિકાસ પગલાં રાજ્યને આત્મનિભર બનાવવાની દિશામાં એક મોટું પગલું સાબિત થશે. બિહારના સીએમ નીતિશ કુમારે આ અંગે પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે અમે બિહારને વિશેષ દરજ્જો આપવા માટે સતત વાત કરી રહ્યા છીએ.બિહાર માટે જાહેર કરાયેલા ભંડોળ અંગે સંજય કુમાર ઝાએ પીએમ નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને કેન્દ્રીય નાણા પ્રધાન નિર્મલા સીતારમણનો આભાર માન્યો અને કહ્યું કે આ બજેટમાં અમારા મુદ્દાઓ અને ચિંતાઓને સંબોધવામાં આવી છે. કેન્દ્ર સરકારે હાઈવે માટે રૂ. ૨૬,૦૦૦ કરોડ અને પૂર સામે લડવા માટે રૂ. ૧૧,૫૦૦ કરોડ ની બજેટ ફાળવણી સાથે બિહારને વિશેષ નાણાકીય સહાય આપી છે. જેડીયુ તેની પ્રશંસા કરી હતી. તેમણે કહ્યું કે રાજ્યમાં નવા એરપોર્ટ અને મેડિકલ કોલેજ સિવાય અમે ગંગા નદી પર બે નવા પુલ બનાવવાની જાહેરાત ને આવકારીએ છીએ. નાલંદા યુનિવર્સિટીનો વિકાસ અને નાલંદા-રાજગીર કોરિડોર સહિતના પ્રવાસન સ્થળોનો વિકાસ કેન્દ્ર સરકારની મોટી વિઝનને દર્શાવે છે. તેમણે ગયાને કોલકાતા-અમૃતસર કોરિડોરનું મુખ્ય મથક બનાવવા અને બિહારને ત્રણ નવા એક્સપ્રેસવે આપવાનું પણ સ્વાગત કર્યું. ચુંટણી પુર્ણ થયા બાદ જે રીતે ભાજપ અને સાથી પક્ષોને બેઠકો મળી હતી તે બાદ સતત બિહાર તથા આંધને સાથે રાખી ચાલવાને લઈને રાજકીય હુમલા તથા અનેક માંગણીઓ બન્ને રાજ્ય તરફથી સાથે આવી હતી તેવામાં બજેટ પહેલાજ જ અટકળો હતી કે આ બન્ને રાજ્યોને વિશેષ મળશે ત્યારે આજે આ મુદ્દો બજેટ દરમ્યાન અને ત્યાર બાદ ચર્ચામાં રહ્યો હતો. ઉપરોક્ત તસ્વીર બન્ને રાજ્યના મુખ્યમંત્રીને ફળી હતી.

## "ખુરશી બચાવો, બજેટ." રાહુલ ગાંધી



વિરોધ પક્ષો બજેટ અને સરકાર પર પ્રહારો કર્યા છે.બજેટ ૨૦૨૪ પર કોંગ્રેસ સાંસદ રાહુલ ગાંધીએ લખ્યું- "ખુરશી બચાવો, બજેટ." રાહુલ ગાંધીએ કહ્યું છે કે અન્ય રાજ્યોના ભોગે સાથી પક્ષોને ખુશ કરવા માટે પોકળ વચનો આપવામાં આવ્યા છે. તેમણે કહ્યું કે બજેટમાંથી સામાન્ય ભારતીય માટે કોઈ રાહત નથી. રાહુલે બજેટને કોંગ્રેસના ચૂંટણી ઢંઢેરાની નકલ અને અગાઉના બજેટ ગણાવ્યું છે.સમાજવાદી પાર્ટીના વડા અખિલેશ યાદવે કેન્દ્રીય બજેટ પર કહ્યું કે ઉત્તર પ્રદેશ પર નજર કરીએ તો રોકાણની સ્થિતિ શું છે? તેમના ચાલુ પ્રોજેક્ટ સમયસર પૂર્ણ થયા ન હતા. બિહાર અને આંધ્રપ્રદેશને વિશેષ યોજનાઓ સાથે જોડવામાં આવ્યા તે સારી વાત છે, પરંતુ શું ઉત્તર પ્રદેશ જેવા રાજ્યના ખેડૂતો માટે બજેટમાં કંઈ છે જે વડા પ્રધાન આપે છે? અખિલેશ યાદવે કેન્દ્રીય બજેટ પર કહ્યું કે જ્યાં સુધી ખેડૂતો અને યુવાનો માટે કાયમી નોકરી ની વ્યવસ્થા નહીં કરવામાં આવે ત્યાં સુધી જનતાને કોઈ મોટો ફાયદો નહીં મળે કેન્દ્રીય બજેટ પછી, શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ કહ્યું કે મને લાગે છે કે આ બજેટને 'પ્રધાનમંત્રી સરકાર બચાવો યોજના' કહેવા જોઈએ કોંગ્રેસ સાંસદ શશિ થરૂરે કેન્દ્રીય બજેટ પર કહ્યું કે આ એક નિરાશાજનક બજેટ છે, મેં સામાન્ય લોકોને જે મુખ્ય સમસ્યાઓનો સામનો કરવો પડ્યો હતો તેના વિશે કંઈ સાંભળ્યું નથી બિહારના પૂર્વ મુખ્યમંત્રી અને આરજેડી નેતા રાબડી દેવીએ કહ્યું કે સરકાર જનતાને છેતરવાનું કામ કરે છે. નીતીશ કુમારની માંગ પૂરી થઈ નથી તેલંગાણા, પંજાબ અને પશ્ચિમ બંગાળ માટે શું કર્યું? તે અંગે પણ સવાલો ઉભા કર્યા હતા

## આજનું રાશિફળ

**મેષ :**
આજના દિવસે ગર્ભવતી માતાઓ માટે ખાસ સંભાળ રાખવાનો દિવસ. વધારા નાં નાણાં રિયલ એસ્ટેટમાં રોકજો. મિત્રો તમને એક યાદગાર સાંજ માટે તેમના ઘરે બોલાવશે. આજે તમને જાણ થશે કે તમારા સાથીનો પ્રેમ તમારી માટે સદાય ઊંડી ભાવના ધરાવતી લાગણી છે. કામના સ્થળે આજે તમે એક અદભુત વ્યક્તિને મળો એવી શક્યતા છે. તમે આજે તમારા મહત્વપૂર્ણ કાર્યો નો નિકાલ કરી ને તમારા માટે ચોક્કસપણે સમય કાઢશો, પરંતુ તમે તમારા પ્રમાણે આ સમય નો ઉપયોગ કરી શકશો નહીં. તમારા જીવનસાથી ખરેખર અદભુત હોય તો જીવન સુખદ અમુભૂતિ બની જાય છે. આજે તમને આ વાતનો અનુભવ થશે.

**વૃષભ :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. આજનો દિવસ છેલ્લો છે એ રીતે જીવવાના તથા મનોરંજન પાછળ વધુ પડતો ખર્ચ કરવાના તમારા વલણ પ્રત્યે ધ્યાન આપો. તમારૂં મોહિત કરનારો સ્વભાવ તથા ખુશનુમા વ્યક્તિત્વ તમને નવા મિત્રો બનાવવામાં તથા તથા સંપર્કો વધુ ગાઢ બનાવવામાં તમારી મદદ કરશે. તમારો કૉલ લંબાવીને તમે તમારા રૉમેન્ટિક ભાગીદારને ચીડવશો. તમારી નવી યોજનાઓ અને સાહસો વિશે ભાગીદારો ઉત્સાહિત હશે. આ રાશિ ના વિદ્યાર્થીઓ ને આજે અધ્યયન માં ધ્યાન કેન્દ્રિત કરવા માં સમસ્યાઓ નો સામનો કરવો પડી શકે છે. આજે તમે મિત્રો ના વર્તુળ માં તમારો કિંમતી સમય બગાડી શકો છો. તમે પરિવારના સભ્યો સાથે મુશ્કેલ સમયનો સામનો કરશો

**મિથુન :**
આજના દિવસે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો? ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશે? સાંજે મિત્રો સાથે બહાર જાવ-કેમ કે તે તમારી માટે કશુંક સારૂં કરશે. પ્રેમ પ્રવાસ મધુર પણ ટૂંકી આવરદાનો. સંયુક્ત સાહસ તથા ભાગીદારીથી દૂર રહો. જેઓ ઘર ની બહાર રહે છે આજે તે તેમના બધા કાર્ય પૂર્ણ કર્યા પછી, સાંજે ઉદ્યાન માં અથવા એકાંત સ્થળે સમય વિતાવવા નું પસંદ કરશે. લગ્નજીવનમાં મુશ્કેલ તબક્કા બાદ આજનો દિવસ તમને થોડી રાહત પૂરી પાડશે.

**કર્ક :**
આજના દિવસે આજે તમે જે કંઈ કરશો તેમાં-ઊર્જાથી સભર હશો-તમે દરેક કામ સામાન્યપણે લાગતા સમય કરતાં અડધા સમયમાં પાર પાડી શકશો. નોકરી પેશા લોકો ને આજે ધન ની ઘણી આવશ્યકતા પડશે પરંતુ ગત દિવસો માં કરેલા ફિજૂલખર્ચી ના લીધે તમારી જોડે પર્યાપ્ત ધન નહિ હોય. પરિવારના સભ્ય ોતમારા જીવનમાં મહત્વનું સ્થાન ધરાવતા હશે. આશ્ચર્ય પમાડનારો સંદેશ તમને સારાં સપનાં આપશે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ. જો બોલવા નું જરૂરી ના હોય તો શાંત રહો, કોઈપણ વાત બળપૂર્વક બોલી ને તમે પોતાની જાત ને મુશ્કેલી માં મૂકી શકો છો. અજાણ્યા લોકો સાથે વાત કરવી ઠીક છે, પરંતુ તેમની વિશ્વસનીયતા ને જાણ્યા વિના, તમે તમારો સમય ફક્ત તમારા જીવન વિશે અને બીજુ કંઈક વિશે જણાવવા માં જ બગાડશો.

**સિંહ :**
આજના દિવસે ધીરજ રાખો કેમ કે તમારા સતત પ્રયાસો વિવેકબુદ્ધિ તથા સમજદારી તમને સફળતાની ગેરેન્ટી આપે છે. લાંબા-ગાળાના દષ્ટિકોણથી રોકાણ કરવું જરૂરી. જ્ઞાન માટેની તમારી તૃષ્ણા નવા મિત્રો બનાવવામાં મદદ કરશે. એકાએક થયેલો રૉમેન્ટક મેળાપ તમને મૂંઝવી નાખશે. આઈટી પ્રૉફેશનલ્સને તમનું કૌવત દેખાડવાની તક મળશે. સફળતા મેળવવા તમારે તમારૂં ધ્યાન કેન્દ્રિત કરીને થાક્યા વિના કામ કરવાની જરૂર છે. આજે, રાત્રે, તમારે ઘર ના લોકો થી દૂર થવું અને તમારા ઘર ની છત અથવા પાર્ક પર ચાલવું ગમશે. વિવાદો અથવા ઑફિસમાંનું રાજકારણ, તમે આજે દરેક બાબત પર તમારૂં વર્ચસ્વ ધરાવશો.

**કન્યા :**
આજના દિવસે જીવનસાથીની તબિયત વિશે યોગ્ય દરકાર તથા ધ્યાન આપવું પ ડશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારે નિરાંત અનુભવવાની તથા નિકટના મિત્રો અને પરિવારના સભ્યો વચ્ચે ખુશી શોધવાની જરૂર છે. રોજેરોજ પ્રેમમાં પડતા રહેવાના તમારા સ્વભાવને બદલો. આજે તમને સમજાશે કે પરિવારના ટેકાને કારણે જ તમે કામના સ્થળે સારૂં કરી રહ્યા છો. આજે તમે તમારો વધુ સમય એવી ચીજો પર વિતાવી શકો છો જે તમારા માટે જરૂરી નથી. આજે તમે અને તમારા જીવનસાથીએ સારી ખાણી-પીણી કરી હશે તો સ્વાસ્થ્ય બગડવાની શક્યતા છે.

**તુલા :**
આજના દિવસે નિરાશાવાદી અભિગમ ટાળવો જોઈએ કારણ કે તે તમારી શક્યતાઓને ન માત્ર ન્યૂનતમ કરશે બલ્કે તમારા શરીરની સંવાદિતામાં પણ ખલેલ પહોંચાડશે. તમે જાણો છો એવા લોકો દ્વારા આવકનો નવો સ્રોત ઊભો થશે. દિવસને અદભુત બનાવવા માટે પરિવારના સભ્યો તથા નિકટના મિત્રો સાથે ભેગા મળી મેળાવડો યોજો. આજે તમારો પ્રેમ સોળે કળાએ ખીલશે અને એ દેખાડશ કે તમે કેવું સુંદર કામ કર્યું છે. આ રાશિ ના જાતકો ને કાર્યક્ષેત્ર માં જરૂર થી વધારે બોલવા થી બચવું જોઈએ નહીંતર તમારી છબી ઉપર ખરાબ પ્રભાવ થાય છે. આ રાશિ ના વેપ ારીઓ ને આજે કોઈ જુના નિવેશ ના લીધે ખોટ થવા ની શક્યતા છે. આજે તમે જો પ્રવાસ કરવાના હો તો તમારે તમારી ભાષા અંગે વધારે તકેદારી રાખવાની જરૂર છે. આજનો દિવસ તમારા પરિણીત જીવનનો શ્રેષ્ઠતમ દિવસ બની રહેશે. પ્રેમના ખરા આનંદની અનુભૂતિ તમને આજે થશે.

**વૃશ્ચિક :**
આજના દિવસે કામના સ્થળનું તથા ઘરનું દબાણ આજે તમને ગુસ્સાવાળા સ્વભાવના બનાવશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમારો ફાજલ સમય ઘરના સુશોભિકરણ પાછળ લગાડો. તમારો પરિવાર ખરેખર આ બાબતની સરાહના કરશે. કેટલાક માટે નવો રૉમાન્સ તેમનો ઉત્સાહ વધારશે તથા તેમને ખુશખુશાલ મિજાજમાં રાખશે. આજે પ્રેમ જીવન ખૂબ જ સુંદર રીતે ખીલશે. આજે તમને તમારો દિવસ કોઈ પણ સ્થળે શાંતિ મળે તે સ્થળે બધા સંબંધો અને સંબંધીઓ થી દૂર રહેવા નું ગમશે. આજે તમને અનુભૂતિ થશે કે તમારા લગ્ન વખતે લીધેલી દરેક પ્રતિજ્ઞાઓ સાચી હતી. તમારા જીવનસાથી તમારા સાચ્ચા સાથી છે.

**ધન :**
આજના દિવસે તમારી ઊર્જાનું સ્તર ઊંચું રહેશે તથા તમારે તેનો ઉપયોગ બાકી રહી ગયેલા કાર્યો પૂર્ણ કરવા માટે કરવો જોઈએ. સમજદારીપૂર્વક રોકાણ કરો. બહેન જેવો પ્રેમ તમારો ઉત્સાહ વધારશે. પણ તમારે નાની ચણભણમાં મગજ પરનો કાબુ ન ખોવો જોઈએ કેમ કે એનાથી તમારા હિતોને નુકસાન થશે. કોઈક રસપ્રદ વ્યક્તિને મળવાની શક્યતા છે. પ્રવાસન ક્ષેત્ર તમને આકર્ષક કારકિર્દી આપી શકે છે. તમારી મહત્વાકાંક્ષાને ઓળખી તેની માટે સખત મહેનત કરવાનો સમય. સફળતા તત્પરતા પૂર્વક તમારી રાહ જોઈ રહી છે. પરિવાર ની જરૂરિયાતો ને પૂર્ણ કરતી વખતે, તમે ઘણીવાર તમારી જાત ને સમય આપવા નું ભૂલી જાઓ છો. પરંતુ આજે તમે સૌથી દૂર રહી પોતાના માટે સમય કાઢી શકશો. તમારા જીવનસાથી આજે અનાયાસે જ કશુંક અદભુત કરશે, જે તમારી માટે ખરેખર અવિસ્મરણીય બની રહેશે.

**મકર :**
આજના દિવસે વ્યાયામ દ્વારા તમે તમારા વજનને અંકુશ હેઠળ રાખી શકશો. વેપારીઓ ને આજ પોતાના વેપાર માં ખોટ આવી શકે છે અને પોતાના વેપાર ને સારો બનાવવા માટે તમારે તમારા પૈસા ખર્ચ કરવા પડી શકે છે. મિત્રો તથા પરિવારના સભ્યો તમારો મોટાભાગનો સમય લેશે. કેટલાક માટે ભેટો તથા ફૂલોથી સભર રૉમેન્ટિક સાંજ જોવાય છે. અન્ય દેશોમાં વ્યાવસાયિક સંપર્કો વિકસાવવા માટે આ અદભુત સમય છે. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? તમારી આસપાસના લોકો આજે એવું કંઈક કરશે, જેનાથી તમારા જીવનસાથી નવેસરથી તમારા પ્રેમમાં પડશે.

**કુંભ :**
આજના દિવસે તમારી સાંજ મિશ્ર લાગણીઓથી ભરેલી હશે જે તમને તાણગ્રસ્ત રાખી શકે છે.પમ એમાં ઝાઝી ચિંતા કરવા જેવું નથી- કેમ કે તમારી ખુશી તમને નિરાશા કરતાં વધુ આનંદ આપશે. તમારા ખર્ચમાં અણધાર્યો વધારો તમારી માનસિક શાંતિમા ખલેલ પહોંચાડશે. પરિવારના સભ્યનો આનંદી સ્વભાવ ઘરના વાતાવરણને ઝગમગતું કરી નાખશે. આજે તમને તમારા જીવનમાં સાચા પ્રેમની કમી સાલશે.ચિંતા ન કરો સમય સાથે બધું જ બદલાઈ જાય છે અને તેમાં તમારૂં રૉમેન્ટિક જીવન પણ અપવાદ નથી. તમારી કારકિર્દીની શક્યતાઓને વધારવા માટે તમારી વ્યાવસાયિક શક્તિનો ઉપયોગ કરો. તમારી પ્રવૃત્તિઓના ક્ષેત્રમાં તમને અમર્યાદિત સફળતા મળવાની શક્યતા છે. પરિસ્થિતિ તમારા વશમાં કરવા તમારૂં બધું કૌવત કામે લગાડો. સામાજિક તથા ધાર્મિક કાર્યક્રમો માટે અદભુત દિવસ.

**મીન :**
આજના દિવસે જીવન પ્રત્યેનો ગંભીર અભિગમ ટાળો. લાંબા ગાળાના કોઈપણ રોકાણ ટાળો તથા તમારા સારા મિત્ર સાથે કેટલીક ખુશીભરી ક્ષણો વિતાવો. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. તમારો સનાતન પ્રેમ તમારા પ્રિયપાત્ર માટે નદી સમાન છો. જમીનને લગતા મોટા સોદા પાર પાડવાની સ્થિતિમાં તમે હશો તથા મનોરંજક પ્રૉજેક્ટમાં અનેક લોકોને સાંકળો. કોઈ રોચક પત્રિકા અથવા ઉપન્યાસ વાંચી આજ ના દિવસ ને તમે સારી રીતે પસાર કરી શકો છો? શું તમે જાણો છો, તમારા જીવનસાથી તમારી માટે ખરો દેવદૂત છે, અમારી વાત પર વિશ્વાસ નથી? આજે નિરીક્ષણ કરી તેનો જાતઅનુભવ કરો.

# ગુજરાત કચ્છમાં બજેટને મિશ્ર પ્રતિસાદ : ભાજપ, કોગ્રેસ, વેપારીઓની પ્રતિક્રિયા

**ગુજરાતના મુખ્યમંત્રીએ બજેટને આવકાર્યુ હતુ તો કોગ્રેસના શક્તિસિંહ ગોહિલ તથા અમીત ચાવડાએ બજેટને નિરૂત્સાહી ગણાવ્યુ હતુ તો કચ્છમાં ભાજપના સાંસદે બજેટને આવકાર્યુ હતુ તો કોગ્રેસે બજેટને બિનવિકાસલક્ષી ગણાવ્યુ હતુ ચેમ્બરે બજેટને આવકાર્યો હતો**

## વિકસિત ભારતના નિર્માણને કંડારતુ બજેટ : મુખ્યમંત્રી



રાજ્યના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વની કેન્દ્ર સરકારના નાણાં મંત્રી નિર્મલા સીતારમણે રજૂ કરેલા ૨૦૨૪-૨૫ના વર્ષના બજેટને વિકસિત ભારતના નિર્માણનો સુરેખ પથ કંડારતુ બજેટ ગણાવી આવકાર્યું છે અને મુખ્યમંત્રીએ વધુમાં કહ્યું કે આ બજેટ વિકસિત ભારતના નિર્માણનું બજેટ છે.દરમિયાન કેન્દ્રીય અંદાજપત્રમાં કૃષિ ક્ષેત્રને અગ્રતા અને તેમાં પણ પ્રાકૃતિક કૃષિને ટોચ અગ્રતા આપવા બદલ ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રતજીએ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને નાણામંત્રી નિર્મલા સીતા રામનનો આભાર માન્યો છે.આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, પ્રાકૃતિક કૃષિને ટોચ અગ્રતા આપીને યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ભારતની ઉજ્જવળ આવતીકાલ માટે પર્યાવરણ, પ્રકૃતિ અને સમગ્ર માનવજાતની ચિંતા કરી છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના આ નિર્ણયને હું અંતરના ઉમળકાથી આવકારું છું. લોકસભામાં કેન્દ્રીય અંદાજપ ત્ર રજૂ કરતાં નાણામંત્રી નિર્મલા સીતારામને ચતુર્દિક સમૃદ્ધિ અને સશક્ત વિકાસ માટે ભારત સરકારની નવ પ્રાયોરિટીમાં કૃષિ ક્ષેત્રમાં પરિવર્તનશીલતા સાથે ઉત્પાદકતામાં વૃદ્ધિને પ્રથમ અગ્રતા ગણાવી હતી. આમ મુખ્યમંત્રીએ બજેટને આવકાર્યો હતો

## બજેટ સંપૂર્ણ નિરાશાજનક શક્તિસિંહ



સાંસદ શક્તિસિંહ ગોહિલ એ જણાવ્યું હતું કે દેશ માં મંદી થી અને મુશ્કેલીઓ થી લડનારા દેશવાસીઓ ને બજેટ થી ખુબ અપેક્ષાઓ હતી, પણ બજેટ સંપૂર્ણ નિરાશાજનક છે.ખાસ કરી ને આપણા ગુજરાત માટે તો કોઈપણ પ્રકાર ની રાહત, જાહેરાત, વાત કશું જ નથી. ખરા અર્થ માં આ બજેટ થોડા ઘણા શબ્દો ની સજાવટ છે.નીતીશકુમાર અને ચંદ્રાબાબુ નાયડુ એ સરકાર નું નાક દબાવ્યું એટલે થોડી ઘણી જાહેરાતો બિહાર અને આંધ્રપ્રદેશ માટે કરવી પ ડી બીજા માટે કંઈપણ નથી. આ એજ ભારતીય જનતા પાર્ટી છે જે ચૂંટણી ઢંઢેરા માં કહેતી હતી કે સાચા ટેક્સ ભરનારા લોકો, જે પગાર થી ટેક્સ ભરતાં લોકો ને ૧૦ લાખ સુધી સુધી ની આવક ઉપર કર મુક્તિ આપશે. વર્ષ ૨૦૧૪ માં ચૂંટણી ઢંઢેરા માં કરેલ વચન પછી આ ૧૧ મું બજેટ રજૂ થયું છતાં કોઈ ફાયદો નહીં. આ બજેટ માં ખેડૂતો, શ્રમજીવીઓ, મનરેગા માટે કોઈ જાહેરાત કે વાત નહિ. આરોગ્ય ઉપર જે વાત થવી જોઈએ તેવી કોઈ વાત આ બજેટ માં નથી. પ્લેટિનમ ઉપર કસ્ટમ ડ્યૂટી ઘટાડી અને પ્લાસ્ટિક ઉપર વેરો વધાર્યો. આ દેશ માં પ્લેટિનમ ખરીદનારા કેટલા, ઉપયોગ કેટલો? જ્યારે પ્લાસ્ટિક વાપનારા ભારત ના દરેક ઘર માં જોવા મળે છે. નાના નાના ઉદ્યોગકારો અને બંધ થતા એમએસએમઈ તેની બજેટ માં કોઈ વાત નથી.

## કચ્છ ભાજપ અધ્યક્ષ દ્વારા બજેટને વધાવાયું

આજના બજેટને સમતોલ સંતુલિત અને સર્વવ્યાપી ગણાવતા કચ્છ જિલ્લા ભાજપ અધ્યક્ષ દેવજી વરચંદે જણાવ્યું હતું કે આજે રજૂ થયેલ બજેટ એ સમાજના સર્વે લોકોને સ્પર્શતું સાર્વત્રિક લાભકારી બજેટ છે. ૨૦૪૭માં ભારતને પૂર્ણ વિકસિત રાષ્ટ્ર બનાવવાની દિશામાં આગેકદમ કરતું આ બજેટ દેશના યુવાનો મહિલાઓ અને કિસાનો સહિત તમામ વર્ગ અને તમામ સ્તરના લોકોને માટે કોઈને કોઈ પ્રકારે નવી તકો સર્જનારું બજેટ છે. ઉદ્યોગોને ઉત્તેજન આપતું, મધ્યમ વર્ગીને વિવિધ પ્રકારે રાહત આપતું તેમજ ગરીબો માટે નવી આશાનો સંચાર કરતું આ બજેટ ભારતના વિકાસની નવી ક્ષિતિજો ઉગાડશે એમાં શંકા ને કોઈ સ્થાન નથી. બજેટની મુખ્ય પ્રાથમિકતાઓ જેવી કે કૃષિ ક્ષેત્રે ઉત્પાદકતા અને સ્થિતિસ્થાપકતાઓ, રોજગાર તેમજ કૌશલ્ય, સમાવિષ્ટ માનવ સંસાધન વિકાસ તથા સામાજિક ન્યાય, ઉત્પાદન અને સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા, ઈન્ટ્રાસ્ટ્રક્ચર, નવીનતા સંશોધન અને વિકાસ તેમજ નેક્સ્ટ જનરેશન રિફોર્મ જેવી બાબતો અગત્યની રહી છે.

## કોગ્રેસે કહ્યુ બજેટ નિરાશાજનક

કચ્છ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ યજુવેન્દ્રસિંહ જાડેજાએ દેશની આઝાદી બાદનું સૌથી નિરાશાજનક અને દિશાવિહીન બજેટ''ગણાવ્યુ હતુ. તીખી પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે એનડીએ સરકાર શાસનમાં છે ત્યારથી સેન્ટ્રલ જીએસટી દ્વારા કચ્છ જિલ્લામાંથી કરોડો રૂપિયા ઉસેડી લેવામાં આવી રહેલ છે તેના પ્રમાણમાં કચ્છ જિલ્લા અંગે બજેટમાં કોઈ યોગ્ય જોગવાઈઓ કરાઈ નથી જે બાબત કચ્છનાં પ્રજાજનો માટે અન્યાયરૂપ છે ઉપરાંત બેફામ મોંઘવારીને કાબુમાં લેવા કેન્દ્રસરકાર પાસે કોઈ નક્કર આયોજન નથી સંસદમાં બહુમતી ન હોવાથી ભાજપ તથા સાથીપક્ષો નાસીપાસ છે જેની અસરરૂપે બજેટમાં કોઈ સુધારાવાદી અભિગમ જણાતો નથી. કચ્છ તેમજ ગુજરાતમાં કરોડો નું ડ્રગ્સ પકડાય છે જેનાથી દેશનું યુવા ધન બરબાદ થાય છે તે માટે એજન્સીઓનું આધુનિકરણ કે ડ્રગ્સ હેરફેર અટકાવવાના મુદે સરકાર પાસે કોઈ વિઝન નથી આમ એકંદરે આજ રજુ થયેલબજેટ આઝાદીબાદનું સૌથી નિરાશાજનક અને દિશાવિહીન બજેટ છે ખાસ કરીને આ બજેટ એક આંકડાની માયાજાળ ઉપરાંત આમઆદમી,મધ્યમ વર્ગ, મહિલા,ખેડૂતો તેમજ નાના ધંધાર્થીઓના વિકાસને રૂંધનારૂ બજેટ છે તથા મુઠ્ઠીભર ઉદ્યોગપતિઓને ફાયદો પહોંચાડનાર તેમજ દેશની વિકાસ યાત્રાને ૧૦ વર્ષ પાછળ ધકેલનારું છે ગની કુંભારે એક યાદીમાં જણાવ્યુ હતુ

## સરહદ ડેરી ના ચેરમેને આવકાર્યુ બજેટ




બજેટ અંગે પ્રતિક્રિયા આપતા અમુલ ફેડરેશનના વા. ચેરમેન વલમજી આર. હુંબલ એ જણાવ્યુ હતું કે આ વર્ષે કૃષિ અને સંલગ્ન ક્ષેત્રો માટે રૂ. ૧.૫૨ લાખ કરોડની જોગવાઈ કરી છે.જેના લીધે કૃષિ ક્ષેત્રને વેગ મળશે. આ રીતે "ગ્રામીણ અર્થવ્યવસ્થાના વિકાસને ઝડપી ટ્રેક કરવા અને મોટા પાયે રોજગારીની તકો ઉત્પ ન્ન કરવાનો" પ્રયાસ કરશે.આ ઉપરાંત ૧ કરોડ ખેડૂતોને કુદરતી ખેતી માટે તાલીમ આપવા જે બજેટ ફાળવવામાં આવ્યું છે જેના કારણે ભવિષ્યમાં પ્રાકૃતિક ખેતીને પણ વેગ મળશે જેથી નેશનલ કો.ઓપ.ઓર્ગેનિક લી થકી ખેડૂતોની પેદાશોને વિદેશમાં નિકાસ શક્ય બનશે. ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રકચર માં રાજ્ય સરકારની ભાગીદારી થકી ખેડૂતો ને ડિજિટલ ફ્રેમવર્કના માધ્યમથી ખેતી વિષયક માહિતી જેમાં હવામાન વિષે અનુમાન, પાક વિષે સલાહકાર સેવા, અને પાકના ભાવો વિષે તથા વિવિધ માહિતી એક જ પ્લેટ-ફોર્મથી ઉપલબ્ધ થશે. આ ઉપ રાંત દેશના ૪૦૦ જિલ્લાઓમાં ખરીફ માટે ડિજિટલ ક્રોપ સર્વે કરવામાં આવશે વલમજીના મતે આ બજેટ કૃષિ, પશુપાલન અને ડેરી તથા ગ્રામ્ય લેવલે વિકાસને વેગ આપવા સહકાર વિભાગને કેન્દ્રમાં રાખી અને બજેટ તૈયાર કરવામાં આવ્યું છે જેથી વર્ષ ૨૦૨૪-૨૫ નો બજેટ સહકારથી સમૃદ્ધિ ની ટેગ લાઈન પ્રમાણે "સહકાર" બજેટ તરીકે ગણી શકાય.

## તમામ ક્ષેત્રોને આવરી લેતું સમતોલ બજેટ :સાંસદ



વર્ષ ૨૦૨૪ ના બજેટ ને કેન્દ્રીય નાણામંત્રી શ્રીમતી નિર્મલા સીતારમણજી એ સાતમી વખત સંસદ સમક્ષ રજુ કરતા દશ વર્ષમાં પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીજી ના નેતૃત્વ અને માર્ગદર્શન માં થયેલ વિકાસ કામોનો ચિતાર રજુ કરતા જણાવ્યુ હતું કે, પ્રધાનમંત્રી ગરીબ કલ્યાણ અન્ન યોજના ને પાંચ વર્ષ માટે લંબાવવામાં આવેલ છે જેનો લાભ ૮૦ કરોડ થી વધુ લોકોને પાંચ વર્ષમાં ૪ કરોડ થી વધુ યુવાઓ માટે પાંચ નવી યોજનાઓ રૂ.૨ લાખ કરોડ ના બજેટ પ્રાવધાન રોજગાર - કૌશલ્ય એમએસએમઈ અને મધ્યમ વર્ગ પર કેન્દ્રિત કરવામાં આવશે. ૬ કરોડ ખેડુતો માટે જમીન નોંધણી, કિશાન ક્રેડીટ કાર્ડ પાંચ રાજ્યોમાં લોન્ચ, ૪૦૦ જીલ્લામાં ડિઝિટલ ખરીફપાક સર્વે, કૃષિ ઉત્પાદક અને સમર્થન,, રોજગાર અને કુશળતા ઉત્પાદન સેવાઓ, શહેરી વિકાસ, ઉર્જા સુરક્ષા, ઈંફ્રા-સ્ટ્રકચર, નેક્સ્ટ જનરેશન સુધારા સહિત વિકસિત ભારત માટે સતત પ્રયાસો ની જાહેરાત કરી હતી. શિક્ષણ લોન, પીએમ આવાસ યોજના ૩ કરોડ નવા મકાનો, મહિલાઓ માટે ૩ લાખ કરોડ ની જોગવાઈ, રોજગાર સબંધીત પ્રોત્સાહન, સહ યુવાનો, મહિલાઓ કૃષિ, ગ્રીન ગ્રોથ પર સરકારનું ફોક્સ, ટુરિઝમ ને મહત્વ, કૌશલ વિકાસ યોજના માટે બજેટમાં પ્રાવધાન કરવામાં આવેલ છે.જેને કચ્છના સાંસદ એ આવકારતા જણાવ્યુ હતું કે માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રીફોર્મ – પરફોર્મ અને ટ્રાન્સફોર્મ સાથે પંચામૃત વિકાસની રાહ પર ચાલી ભારત સરકારે આગામી ૨૫ વર્ષના દેશની ઉન્નતિ તરફ વિકાસ પથ કંડારેલ છે.


## કચ્છનુ સૌદર્ય ખીલી ઉઠ્યુ



કચ્છમાં સારા વરસાદ બાદ વરસાદી સૌદર્ય ખીલી ઉઠે છે અને આવુ દુષ્કાળગ્રસ્ત કચ્છમાં જોવા મળે તે અનેક લોકોને નવાઈ પમાડે છે પરંતુ આજે નખત્રાણામાં સારા વરસાદ બાદ તેની નજીક આવેલા પાલર ધુના ધોધના રમણીય દ્રશ્યો સામે આવ્યા હતા વરસાદના કારણે ધોધમાં પાણી જોવા મળ્યા હતા જો કે અગાઉ પણ વરસાદ પડ્યો ત્યારે આવા દ્રશ્ર્યો સર્જાયા હતા. પરંતુ તેમા બે લોકો ફસાયા બાદ પ્રવાસીઓ માટે અહી પ્રવેશબંધી કરાઇ હતી. ત્યારે આજે વરસાદ બાદ આ ધોધ પ્રવાસીઓ માટે બંધ કરી દેવાયો હતો જેથી કોઇ અકસ્માત ન સર્જાય સાથે સ્થળ પર પોલીસ અને ગ્રામ રક્ષક દળની ટીમ બંદોબસ્તમાં ગોઠવી દેવાઇ હતી જેથી કોઇ નાગરીક અહી પ્રવેશે નહી અને કોઇ અકસ્માત ન સર્જાય પંરતુ ધોધના ખડખડ વહેતા પાણીએ સૌદર્ય ધારણ કર્યુ હતુ જે દ્રશ્ય મનમોહક હતા કચ્છમાં આવા અનેક નાના ધોધ આવેલા છે જ્યા ચૌમાસા બાદ અદભુત દ્રશ્યો સર્જાય છે. અને હજારો લોકોને આકર્ષે છે.

## કચ્છનું સિમલા એટલે મંગવાણા પાસે આવેલો નનામો ડુંગર

**ઉંચાઈમાં કચ્છનો સર્વોચ્ચ ડુંગર છેઃ વરસાદી માહોલમાં અહીં કુદરતીનો અદભુત નજારો માણવા જેવો છે**



**આણંદપર(યક્ષ) :** કચ્છનું સિમલા એટલે વરસાદી માહોલમાં અદભુત પ્રાકૃતિક સોંદયે માણવાની મજાના સથવારે ટ્રેકીંગ કરવાનો આહલાદક, પરિભ્રમણ પ્રેમીઓ માટે અનેરું સ્થાન ધરાવતો 'નનામો ડુંગર'. અબડાસા,માંડવી અને નખત્રાણા તાલુકાની ત્રિભેટે મંગવાણા ગામ પાસે નનામો ડુંગર આવેલ છે, ઉંચાઈમાં કચ્છનો સર્વોચ્ચ ડુંગર છે, તેની ઊંચાઈ અંદાજે ૧૫૨૪ ફૂટ છે. ભુજથી નલિયા જતાં માર્ગમાં મંગવાણા પાસે આવેલા રબારી સમાજના નાનકડા એવા વરમસેડા ગામની પૂર્વ બાજુથી નનામા ડુંગર ઉપર ચઢવાનો રસ્તો એક નાની કેડી રૂપે છે. કચ્છના તળપદા અને કાંટાળા વૃક્ષો, ખીજડો, ખેર, કંઢો, દાંડલિયો થોર, ગૂગળ, કડાયા અને સિમડા જેવા મોટા વૃક્ષોથી આ ડુંગર લીલોછમ જોવા મળી રહ્યો છે, જેમાં પક્ષીઓનો કલરવ સતત સાંભળવા મળે છે. નનામા ડુંગરની ટોચ ઉપર ભારતીય હવાઈ દળ દ્વારા રડાર સ્ટેશન બનાવવામાં આવ્યું છે જેની સુરક્ષા માટે જવાનોની એક ટુકડી ત્યાં જ રહે છે. હિમાલયની જેમ તેમના માલ સામાનના પરિવહન માટે અહીં પણ ગધેડાનો ઉપયોગ કરવામાં આવે છે, ટોચ ઉપર ભગવાન શંકર અને પાંચ શૂરવીરોની સ્મૃતિમાં પંજા પીરની ડેરી પણ આવેલી છે. માંડવીના દરિયામાં આવતા વહાણને આ ડુંગરના દર્શન થાય છે, તેથી આ ડુંગરને દીવાદાંડીની ઉપમા આપવામાં આવી છે. આવા સરસ પ્રાકૃતિક સ્થળ ની મુલાકાત લઈ "નનામો ડુંગર" પર ચડી તેની સૌંદર્ય પ્રકૃતિનો નજારો એકવાર અવશ્ય લેવા જેવો છે, તેમાં ચોમાસા દરમ્યાન અનેક કુદરતી દ્રશ્યો જોવા મળતા હોય છે. આપણા મહાન અભિનેતા અમિતાભ બચ્ચને એટલે જ કહ્યું છે કે, "કચ્છ નહિ દેખા તો કુછ નહી દેખા"

## પાન્ધ્રો એકતાનગરમાં વરસાદી પાણી ભરેલા ખાબોચિયાં રોગચાળો ફેલાવે તે પહેલાં આરોગ્ય તંત્ર જાગશે ?




દયાપર તા.૨૩

લખપત તાલુકાના એકતનગર પાનધ્રો વિસ્તારમાં વરસાદી પાણીના ભરાયેલા ખાબોચીયાથી રોગચાળાની દહેશત ઉભી થઇ છે.

પાનધ્રો ગ્રામપંચાયત વિસ્તારમાં આવેલી મોટી માર્કેટ એક્તાનગર ખાતે આવેલી છે, આ વિસ્તારમાં વરસાદી પાણીથી ભરાયેલ ખાબોચીયાના કારણે માખી, મચ્છરોનો ઉપદ્રવ તેમજ ગંદકીને કારણે દુર્ગંધ મારતા આ વિસ્તારમાં આવતા ગ્રાહકો તેમજ એકતાનગર ના લોકો હેરાન પરેશાન છે. એક તરફ રોડ સાઈડમાં કચરાના ઢગલા, અને બિજી સાઈડમાં પાણી ભરેલા ખાબોચિયાં મોટી બિમારીને નોતરશે તેવી આશંકાથી લોકો ભયભીત છે,તેથી આ વિસ્તારમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા દવા છંટકાવ કરવામાં આવે અને ગ્રામપંચાયત દ્વારા કચરાનો નિકાલ કરવામાં આવે તેવી માંગ લોકોમાં ઉઠી છે.

ગુજરાત સરકાર દ્વારા મેલેરિયા મુક્ત ગુજરાત અભિયાન અતર્ગત કચ્છ જિલ્લાના તમામ ગામો અને શહેરી વિસ્તારોમાં ૧૦૦૦ની વસ્તીએ મેલેરિયાના કેસનું પ્રમાણ વર્ષ ૨૦૨૭ સુધીમાં શુન્ય સ્તરે લઈ જવા જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા દવા છેટકાવ અને પોરાનાશક કામગીરી કરવામાં આવતી હોવાની મોટી મોટી વાતો કરવામાં આવી રહી છે તો બીજી તરફ આવી ફરિયાદો સામે આવી રહી છે.

## રોમ ખાતે વર્લ્ડ ટીટી માસ્ટર્સમાં પ્રસુન્નાએ ત્રણ મેડલ જીત્યાં



**અમદાવાદની પ્રસુન્ના પારેખે રાષ્ટ્રનું ગૌરવ વધારતા ત્રણ મેડલ જીત્યાં હતાં. ૪૮ વર્ષીય પ્રસુન્નાએ તેના ડબલ્સના જોડીદાર મીનુ બાસક સાથે મળીને ૪૫ વિમેન્સ ડબલ્સમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું**

ગાંધીધામ, ૨૩

ઈટાલીના રોમ ખાતે તાજેતરમાં યોજાયેલી આઈટીટીએફ વર્લ્ડ માસ્ટર્સ ટેબલ ટેનિસ ચેમ્પિયનશિપ ૨૦૨૪માં અમદાવાદની પ્રસુન્ના પારેખે રાષ્ટ્રનું ગૌરવ વધારતા ત્રણ મેડલ જીત્યાં હતાં. ૪૮ વર્ષીય પ્રસુન્નાએ તેના ડબલ્સના જોડીદાર મીનુ બાસક સાથે મળીને ૪૫ વિમેન્સ ડબલ્સમાં મોખરાનું સ્થાન હાંસલ કર્યું હતું. તેમણે ફાઈનલમાં યુક્રેઈનની નાતાલિયા ઓટ્રાવસ્કા અને હાલ્યાના તેલાનાની જોડી સામે ૩-૧ (૫-૧૧, ૧૧-૭, ૧૧-૫, ૧૧-૩)થી વિજય હાંસલ કર્યો હતો. સેમિફાઇનલમાં ભારતીય જોડીએ જર્મનીની સિલ્વીયા મેસર અને સાબિન નેલ્ડનેરની જોડીને ૩-૧ (૧૧-૭, ૧૧-૫, ૮-૧૧, ૧૧-૬)થી હરાવી હતી. વિમેન્સ સિંગલ્સ ૪૫ કેટેગરીમાં ઈન્ડિયન પોસ્ટની કર્મચારીએ બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત કર્યો હતો. અહીં સેમિફાઈનલમાં પ્રસુન્નાનો ડેનમાર્કની જાન્ને જેનસેન સામે ૨-૩ (૧૧-૬, ૯-૧૧, ૧૧-૯, ૫-૧૧, ૮-૧૧)થી પરાજય થયો હતો.ગુજરાત ટેબલ ટેનિસની ભૂતપૂર્વ મોખરાના ક્રમની ખેલાડીએ ૪૫ મિક્સ ડબલ્સમાં કે. શ્રીવત્સા સાથે જોડી બનાવી હતી અને ત્યાં પણ આ જોડીએ બ્રોન્ઝ મેડલ જીત્યો હતો. ડેનમાર્કના જ હેનરિક વેન્ડેલ્બો અને જાન્ને જેનસેનની જોડી સામેની સેમિફાઈનલમાં ભારતીય જોડી ૦-૩ (૬-૧૧, ૭-૧૧, ૧૦-૧૨)થી હારી ગઈ હતી.વિમેન્સ સિંગલ્સ ૩૯ કેટેગરીમાં હાલમાં ભારતની મોખરાના ક્રમની પ્રસુન્નાએ અગાઉ કતારના દોહા ખાતે ૨૦૨૩માં યોજાયેલી વર્લ્ડ વેટરન ટેબલ ટેનિસ ટુર્નામેન્ટમાં બે સિલ્વર મેડલ (વિમેન્સ સિંગલ્સ અને ડબલ્સ) જીત્યાં હતાં.આ સફળતા બાદ પ્રસુન્નાએ જણાવ્યું હતું કે આ મેડલ અમારી આકરી મહેનતનું પરિણામ છે.

આ ઈવેન્ટ અગાઉ મારા કોચ સાથે મળીને મેં આકરી મહેનત કરી હતી. સિંગલ્સની સેમિફાઇનલમાં હું દબાણને વશ થઈ ગઈ હતી પરંતુ આમ છતાં હું ખુશ છું કેમ કે મેં આ પ્રકારનો સારો દેખાવ કર્યો છે.

# FILMY ગપશપ

**'વેદા'માં શર્વરીને ફાઈટર બનાવનારા કોચનો રોલ જ્હોને કર્યો છે**

**અનન્યાએ પહેરેલા બ્રેસલેટમાં ચારે તરફ તેના ગુરુજીના ફોટોગ્રાફ્સ, હેમા માલિની, અને જેકલીન પણ તેમને માને છે**

## ગુરુ પૂર્ણિમાઃ ગુરુને શર્વરીનું વચન, અનન્યાએ કહ્યું-ઓમ નમઃ શિવાય


મુંબઈ, તા.૨૩

ગુરુ પૂર્ણિમા નિમિત્તે ઠેર-ઠેર પૂજન, સત્સંગ સહિતના કાર્યક્રમ યોજાયા હતા. ગુરુજીને પ્રણામ કરતાં ફોટોગ્રાફ્સ અનેક લોકોએ શેર કર્યા હતા. આ વિશેષ દિવસે શર્વરી વાઘે રીલ લાઈફના ગુરુ જ્હોન અબ્રાહમને એક વચન આપ્યું હતું. શર્વરીએ આગામી ફિલ્મ વેદાનો ફોટોગ્રાફ શેર કર્યો હતો અને અભિમન્યુ સર (જ્હોન)એ ફાઈટર બનાવી હોવાનું જણાવ્યું હતું. અનન્યા પાંડેએ બ્રેસલેટ પહેરેલી પોસ્ટ શેર કરી ઓમ નમઃ શિવાય કહ્યું હતું. આ બ્રેસલેટમાં ચારે તરફ તેના ગુરુજીનો ફોટોગ્રાફ હતો. શર્વરી વાઘની છેલ્લી બે ફિલ્મ મહારાજા અને મુંજ્યા સફળ રહી છે. શર્વરીની આગામી ફિલ્મ વેદા છે. આ ક્રાઈમ થ્રિલરમાં જ્હોન અબ્રાહમ લીડ રોલમાં છે. સતત ત્રીજી ફિલ્મમાં શર્વરીની એક્ટિંગને જોવા ઓડિયન્સ ઉત્સુક છે ત્યારે તેણે આ ફિલ્મનું પોસ્ટર શેર કર્યું છે. જ્હોન અબ્રાહમ સાથેના એક સીનના આ પોસ્ટરમાં શર્વરીના ઘૂંટણ અને હાથ છોલાયેલા છે તથા જ્હોન તેને પાણી આપી રહ્યો છે. શર્વરીએ પોતાની પોસ્ટમાં અભિમન્યુ સરનો આભાર માન્યો હતો. સાથે કહ્યું હતું 'મારી દુનિયામાં એક માત્ર તમે જ એવી વ્યક્તિ છો જેણે ક્યારેય ભેદ નથી રાખ્યો. તમે મારા ગુરુ છો, જેમણે સાથ આપ્યો છે. લડતાં શીખવ્યું છે. દુનિયાની નીતિ-રીતિ સામે મને તમે ફાઈટર બનાવી છે. તમે મારી પ્રેરણા છો અને ગુરુ પૂર્ણિમાના દિવસે વેદાનું આ વચન છે કે, અન્યાય સામે શરૂ થયેલી મારી આ લડત છેક સુધી જારી રહેશે અને હું જીતીશ.' શર્વરી અને જ્હોનનો આ એક્શન અંદાજ સોશિયલ મીડિયા પર ખૂબ લાઈક થયો હતો. આ ફિલ્મ ૧૫ ઓગસ્ટે રિલીઝ થવાની છે. તેની સીધી ટક્કર શ્રદ્ધા કપૂરની હોરર કોમેડી 'સ્ત્રી ૨' અને અક્ષય કુમાર-તાપસી પન્નુની 'ખેલ ખેલ મેં' સાથે થવાની છે. અનન્યા પાંડેએ ઈન્સ્ટાગ્રામ પર પોતાના હાથનો ક્લોઝ અપ ફોટોગ્રાફ શેર કર્યો હતો. જેમાં તેણે આછા ભૂરા રંગનું બ્રેસલેટ પહેર્યું છે અન બ્રેસલેટમાં ચારે તરફ છતરપુર વાલે ગુરુજીના ફોટોગ્રાફ્સ છે. અનન્યાએ બે હાથ જોડી ગુરુપૂર્ણિમા નિમિત્તે ગુરુજીનો આભાર માન્યો છે. અનન્યાની સાથે ચંકી પાંડે અને ભાવના પાંડે પણ આ ગુરુજીના અનુયાયી છે. પાછલા મહિને અનન્યાના માતા-પિતાએ પૂજા રાખી હતી અને તેમાં આ ગુરુજીનો મોટો ફોટોગ્રાફ ખુરશી પર મૂક્યો હતો. હેમા માલિની, જેકલીન ફર્નાન્ડિઝ અને ઋષિ કપૂર સહિત અનેક સેલિબ્રિટી તેમને માને છે. પંજાબના ગુંગરી ગામમાં જન્મેલા નિર્મલસિંહ મહારાજને છતરપુરવાલે બાબાજી પણ કહેવામાં આવે છે.





કૃતિ શેટ્ટી સાઉથની જાણીતી સુંદર અભિનેત્રીઓ માંની એક છે. તે પોતાના અભિનયની સાથે સાથે તેના લુકને કારણે પણ ચર્ચામાં રહે છે.અભિનેત્રીએ તેના સરળ અવતારથી બધાને મંત્રમુગ્ધ કરી દીધા છે.આ તસવીરોમાં જ્યાં એક તરફ કીર્તિ શેટ્ટી પોતાની સાદગી અને સ્મિતથી લાખો ચાહકોના દિલ જીતી રહી છે.




બિગ બોસની પૂર્વ સ્પર્ધક અને સુંદર અભિનેત્રી માહિરા શર્મા સોશિયલ મીડિયા પર એક્ટિવ રહે છે આ દિવસોમાં અભિનેત્રી પોતાની અલગ અંદાજને કારણે ચર્ચામાં રહે છે.આવી સ્થિતિમાં અભિનેત્રીનો નવો લૂક પણ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે.

## સાવનના પહેલા સોમવારે અક્ષરા સિંહે મહાદેવનું શરણ લીધું

મુંબઈ, તા.૨૩

ભોજપુરી અભિનેત્રી અક્ષરા સિંહના ગીત 'ભોલેદાની'નો વીડિયો દર્શકોને ખૂબ જ પસંદ આવી રહ્યો છે. અક્ષરા સિંહના આ નવા ભક્તિ ગીતે તેના ચાહકોમાં ઉત્તેજના પેદા કરી છે અને દરેક લોકો તેના માટે ખૂબ જ ઉત્સાહિત છે. સાવનનાં વાતાવરણને ધ્યાનમાં રાખીને આ ગીતની રચના કરવામાં આવી છે. સાવનના પહેલા સોમવારના શુભ અવસર પર ભોજપુરી સિનેમાની પ્રતિભાશાળી અભિનેત્રી અને ગાયિકા અક્ષરા સિંહ બાબા ભોલેનાથના દરબારમાં જોવા મળી હતી. આ દરમિયાન અક્ષરા સિંહે ભોલેબાબાના ભક્તો માટે નવું ભક્તિ ગીત "ભોલેદાની" રિલીઝ કર્યું, જે ઝડપથી વાયરલ થઈ રહ્યું છે. આ બોલબામ સ્પેશિયલ ગીત શિવ ભક્તોમાં લોકપ્રિય થઈ રહ્યું છે. આ ગીત અક્ષરા સિંહ એન્ટરટેઈનમેન્ટ ચેનલ પરથી યુટ્યુબ પર રિલીઝ કરવામાં આવ્યું છે. 'ભોલેદાની' ગીતમાં અક્ષરા સિંહના દમદાર અવાજ અને ઉત્તમ અભિનયએ દર્શકોના દિલ જીતી લીધા છે. આ ગીતમાં શિવ ભક્તિનો અનોખો રંગ જોઈ શકાય છે, જે સાવનનું વાતાવરણ વધુ ભક્તિમય બનાવી રહ્યું છે.



ગીતના અદ્ભુત સંગીત અને ગીતોએ તેને વધુ ખાસ બનાવ્યું છે. ગીતના રિલીઝ પછી અક્ષરા સિંહે કહ્યું, "સાવનનો મહિનો શિવભક્તો માટે ખૂબ જ ખાસ છે, અને 'ભોલેદાની' ગીત તેમની ભક્તિને સમર્પિત છે. મને આશા છે કે દર્શકોને આ ગીત ગમશે અને ભગવાન શિવનો મહિમા માણશે.

## વર્ષ ૨૦૨૪ની સૌથી વધુ જોવાયેલી સિરીઝમાં 'પંચાયત' મોખરે



મુંબઈ, તા.૨૩

'પંચાયત' સિરીઝની ત્રીજી સિઝન એમેઝોન પ્રાઈમ પર ૨૮.૨ મિલિયનની વ્યૂઅરશિપ સાથે ૨૦૨૪માં ઓટીટી પર હિન્દી ભાષાની સૌથી વધુ જોવાયેલી સિરીઝ બની ગઈ છે. ઓરમેક્સ મીડિયા દ્વારા આ રીસર્ચ કરવામાં આવ્યું હતું. જ્યારે બીજા નંબરે ૨૦.૩ મિલિયન વ્યૂઝ સાથે નેટફ્લિક્સની 'હીરામંડી', ત્રીજા નંબરે પ્રાઈમ વીડિયોની જ ૧૯.૫ મિલિયન વ્યૂઅર્સ સાથે 'ઈન્ડિયન પોલિસ ફોર્સ' રહી છે. જ્યારે સૌથી વધુ જોવાયેલી હિન્દી વેબ સિરિઝમાં ડિઝની હોટ સ્ટારે મેદાન માર્યું છે. જેમાં ૧૪.૮ મિલિયન વ્યુઅર્સ સાથે 'ધ લિજેન્ડ ઓફ હનુમાન', ૧૨.૫ મિલિયન સાથે 'શોટાઈમ', 'કર્મા કોલિંગ' ૯.૧ મિલિયન, 'બાહુબલી: ક્રાઉન ઓફ બ્લડ' ૮ મિલિયન તેમજ 'લૂટેરે' ૮ મિલિયન વ્યૂઅર્સ મેળવી શક્યું છે.

## લેન્સ પહેરવાના કારણે જાસ્મિન ભસીનની આંખના પડદાને નુકસાન

મુંબઈ, તા.૨૩

આંખને વધારે આકર્ષક બનાવવા માટે અથવા તો ચશ્માની જગ્યાએ અનેક લોકો કોન્ટેક્ટ લેન્સ પસંદ કરતા હોય છે. કોન્ટેક્ટ લેન્સ પહેર્યા પછી આંખને પડી રહેલી તકલીફો અંગે ટેલિવિઝન એક્ટ્રેસ જાસ્મિન ભસીને વાત કરી છે. જાસ્મિનને કોન્ટેક્ટ લેન્સ પહેર્યા પછી આંખમાં અસહ્ય દુખાવો શરૂ થયો હતો અને ધીમે-ધીમે દેખાતું બંધ થયુ હતું.


જાસ્મિને જણાવ્યું હતું કે, ૧૭ જુલાઈએ એક ઈવેન્ટ માટે તે દિલ્હી ગઈ હતી. તૈયાર થતી વખતે તેણે આંખમાં કોન્ટેક્ટ લેન્સ પહેર્યા હતાં. ક્યાં ચૂક રહી તેની ખબર નથી, પરંતુ લેન્સ પહેર્યા પછી આંખમાં દુઃખાવો શરૂ થયો. ધીમે-ધીમે પીડા વધવા માંડી અને માંડ-માંડ ઈવેન્ટ પૂરી કરી. એક તબક્કે ઈવેન્ટ દરમિયાન જ દેખાતું બંધ થઈ ગયું હતું, પરંતુ ટીમે મદદ કરી અને બાદમાં ડોક્ટર પાસે ગઈ. આઈ સ્પેશિયાલિસ્ટ સાથે મુલાકાત બાદ જસ્મિને જણાવ્યું



હતું કે, આંખના પડદાને નુકસાન થયું છે. ડોક્ટરે આંખ પર પટ્ટીઓ મારી હતી. મુંબઈ પરત આવીને પણ જાસ્મિને સારવાર ચાલુ રાખી છે. હાલ તો જાસ્મિન આંખોની કાળજી રાખે છે. પટ્ટીઓ દૂર થયા પછી આંખને કેટલું નુકસાન થયું તેની ખબર પડશે. ત્યાં સુધી જાસ્મિન કોઈ કામ કરી શકે નથી. જાસ્મિને હાલ કામમાં બ્રેક લીધો છે અને આંખો સાજી થવાની રાહ જોઈ રહી છે. જાસ્મિન ભસીને ટીવી સિરિયલો ઉપરાંત ખતરોં કે ખિલાડી, બિગ બોસ જેવા રિયાલિટી શોમાં પણ ભાગ લીધેલો છે.



અભિનેત્રી શ્રદ્ધા દાસ અવારનવાર પોતાની બોલ્ડ અને હોટ તસવીરો શેર કરતી રહે છે. અભિનેત્રીએ હાલમાં પોતાના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર તસવીરો શેર કરી છે.શ્રદ્ધા દાસનો આ તસવીરોમાં ખૂબ જ હોટ અંદાજ જોવા મળી રહ્યો છે.



ટીવી એક્ટ્રેસ કેટ શર્મા હાલમાં જ તેના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી હોટ તસવીરો શેર કરી છે.ટીવી એક્ટ્રેસ કેટ શર્મા ઈન્સ્ટાગ્રામ પર હંમેશા પોતાના બોલ્ડ ફોટોઝથી કહેર મચાવે છે.જ્યારે પણ અભિનેત્રી ઈન્સ્ટા પર તેની તસવીરો અપલોડ કરે છે.

## બે સફળ એક્ટ્રેસ સાથે ડેટિંગના કારણે મારા માથે ચીટરનું લેબલ લાગ્યુઃ રણબીર કપૂર

મુંબઈ, તા.૨૩

બોલિવૂડમાં લવરબોયની ઈમેજ ધરાવતા સ્ટાર્સમાં અક્ષય કુમાર અને રણબીર કપૂરનું નામ મોખરે છે. ટ્વિન્કલ ખન્ના સાથે લગ્નને ઘણો સમય થઈ ગયો હોવાથી અક્ષયના જૂના અફેર્સની ખાસ ચર્ચા થતી નથી, પરંતુ રણબીર અને આલિયાના લગ્નને વધારે સમય થયો નથી. જેના કારણે રણબીરની પર્સનલ લાઈફ વિસરાઈ નથી. રણબીર કપૂરે પોતે સ્વીકાર્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ અને સુંદર એક્ટ્રેસ સાથે ડેટિંગના કારણે તેના માથા પર ચીટરનું લેબલ લાગ્યું હતું. 'એનિમલ'ની સફળતા પછી રણબીર કપૂરે સફળ સ્ટાર્સની કેટેગરીમાં નામ મેળવ્યું છે. રણબીરનું નામ અગાઉ જેની સાથે જોડાયું હતું, તે બંને એક્ટ્રેસ પણ એ-ગ્રેડની ગણાય છે. રણબીર કપૂરે દીપિકા પાદુકોણ અને કેટરિના કૈફ સાથે લાંબો સમય ડેટિંગ કર્યું હોવાનું કહેવાય છે. લગ્ન અગાઉ રણબીરની પર્સનલ લાઈફ ખૂબ જ ચર્ચાસ્પદ હતી અને સંખ્યાબંધ એક્ટ્રેસ સાથે તેનું નામ જોડાયું હતું. રણબીરના ઈન્ટરવ્યૂ પણ તે પ્રકારના જ રહેતા હતા, જેમાં તેની ઈમેજ લવરબોય જેવી થતી હતી. રણબીરે નિખિલ કામથના પોડકાસ્ટ એપિસોડમાં પર્સનલ લાઈફ અંગે જણાવ્યું હતું કે, ભૂતકાળમાં બે સફળ એક્ટ્રસ સાથે અફેરના કારણે તેની ઈમેજ ચીટર અને કાસાનોવા જેવી થઈ હતી. રણબીરના આ અફેરની વાત જૂની થઈ છે અને હવે તે પોતાના જીવનમાં આગળ વધી ચૂક્યો છે. એપ્રિલ ૨૦૨૨માં રણબીર અને આલિયાના લગ્ન થયાં હતા. લગ્ન પછી રણબીર ઠરીઠામ થયો હોવાનું મનાય છે ત્યારે દીકરી રાહાના જન્મ પછી જીવનમાં ઘણાં પરિવર્તન આવ્યાં હોવાનું રણબીરે પણ સ્વીકાર્યું હતું.

# SPORTS કોર્નર

## હાર્દિક પંડયાથી છુટાછેડા બાદ નતાશાની મૂવ ઓન કરી રહી છે !

મુંબઈ,તા.૨૩

ક્રિકેટર હાર્દિક પંડ્યા અને તેની પત્ની મોડલ અભિનેત્રી નતાશા સ્ટેનકોવિકે છૂટાછેડાના સમાચાર આપીને ચાહકોના ચોંકાવી દીધા છે. આ પછી સોશિયલ મીડિયા યુઝર્સ પ્રતિક્રિયા આપતા જોવા મળી રહ્યા છે. આ દરમિયાન, છૂટાછેડાની જાહેરાત પછી, અભિનેત્રીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરી પર એક વિડિઓ અને એક ફોટો શેર કર્યો છે.

શેર કરેલા વીડિયોમાં તે મૂવઓન કરતી જોવા મળી રહી છે. તે માટે તે જીમમાં તો પુત્ર અગસ્ત્ય પાંડે સાથે ટાઈમ સ્પેન્ટ કરતી જોવા મળે છે. તમને જણાવી દઈએ કે, આ દિવસોમાં નતાશા તેના હોમટાઉન સર્બિયામાં છે. જ્યાં તે સોશિયલ મીડિયા પર ઝલક બતાવતી જોવા મળે છે. નતાશાએ ઈન્સ્ટા સ્ટોરી પર એક વીડિયો શેર કર્યો છે, જેમાં તેનો પુત્ર અગસ્ત્ય પંડ્યા બોલ સાથે રમતા જોવા મળી રહ્યો છે. જ્યારે બીજા ફોટોમાં તે પોતાના હાથમાં તરબૂચ પકડેલી જોવા મળી રહી છે. જોકે, ઈન્સ્ટાગ્રામની બંને સ્ટોરીમાં તેનો ચહેરો દેખાતો નથી. આ સિવાય અભિનેત્રીએ પોતાનો એક ફોટો પણ શેર કર્યો છે, જેમાં તે જીમમાં મિરર સેલ્ફી લેતી જોવા મળી રહી છે.

તમને જણાવી દઈએ કે, હાર્દિક પંડ્યા અને નતાશાએ કોમેન્ટ સેક્શનને બંધ કરીને એક પોસ્ટ શેર કરી હતી, જેમાં લખ્યું હતુ કે, 'ચાર વર્ષ સુધી સાથે રહ્યા બાદ મેં અને હાર્દિકે અલગ થવાનો નિર્ણય કર્યો છે. અમે સાથે રહેવાનો ખૂબ પ્રયાસ કર્યો અને અમારું બધું આપ્યું, પરંતુ અમને લાગે છે કે અમારું અલગ થવું યોગ્ય નિર્ણય છે. આ ખૂબ જ મુશ્કેલ નિર્ણય હતો. તેમજ તેમાં લખ્યું હતુ અમે સાથે સારો સમય પસાર કર્યો છે. અમે એકબીજાને માન આપીએ છીએ અને એક પરિવાર તરીકે સાથે રહીએ છીએ. આપણા જીવનમાં અગસ્ત્ય છે જે આપણા જીવનનું કેન્દ્ર રહેશે. અમે તેની ખુશી માટે જે કંઈ કરી શકીએ તે કરીશું. અમે આ સમય દરમિયાન તમારો સાથ ઈચ્છીએ છીએ અને ઈચ્છીએ છીએ કે તમે આ મુશ્કેલ અને સંવેદનશીલ સમયમાં અમારી ગોપનીયતાનું સન્માન કરો.

## ૬ વર્ષ બાદ યુવરાજ સિંહની IPLમાં વાપસી! :દિગ્ગજનું લઈ શકે છે સ્થાન




IPL ૨૦૨૫ મેગા હરાજી હેલા ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ આશિષ નેહરા અને ક્રિકેટ ડિરેક્ટર વિક્રમ સોલંકી ફ્રેન્ચાઈઝી છોડી શકે છે. હવે એક મીડિયા રિપોર્ટમાં ખુલાસો થયો છે કે મુખ્ય કોચના પદ માટે યુવરાજ સિંહને વિકલ્પ માનવામાં આવી રહ્યો છે. જો કે હજી સુધી કોઈ પુષ્ટિ થઈ નથી, ટીમના માર્ગદર્શક ગેરી કર્સ્ટને તેમના પદ પરથી રાજીનામું આપ્યું ત્યારથી ્યાં પરિવર્તનનો સમયગાળો શરૂ થયો છે. સ્પોર્ટ્સ૧૮ મુજબ ગુજરાત ટાઈટન્સની અંદર ઘણા ફેરફારો શક્ય છે. આશિષ નેહરા અને વિક્રમ સોલંકી સંભવતઃ ટીમ છોડવા જઈ રહ્યા છે અને મુખ્ય કોચ પદ માટે યુવરાજ સિંહના નામ પર ચર્ચા શરૂ થઈ ગઈ છે. જોકે આ અંગે કોઈ પુષ્ટિ થઈ નથી, પરંતુ ગુજરાત ટાઈટન્સના કોચિંગ સ્ટાફમાં મોટા ફેરફારો શક્ય છે. જીટીના વર્તમાન કોચિંગ સ્ટાફમાં આશિષ કપૂર, નઈમ અમીન, નરેન્દ્ર નેગી અને મિથુન મનહાસ પણ સામેલ છે, પરંતુ રિપોર્ટ અનુસાર, આ તમામ લોકોએ નવી તકો શોધવાનું શરૂ કર્યું છે. આ સિવાય એવી અટકળો છે કે અદાણી ગ્રુપ IPL ૨૦૨૫ની શરૂઆત પહેલા ગુજરાત ટાઈટન્સમાં હિસ્સો ખરીદી શકે છે. કદાચ આ જ કારણે ગુજરાતની ટીમમાં ઘણા મોટા ફેરફારો થયા છે. ન્માંથી નિવૃત્તિ લીધા બાદ યુવરાજ સિંહ કોઈપણ ટીમ સાથે સંકળાયેલો ન હોવાથી તેને ગુજરાત ટાઈટન્સના મુખ્ય કોચ બનાવવો એ ખૂબ જ આશ્ચર્યજનક નિર્ણય સાબિત થશે. યુવરાજ છેલ્લે ૨૦૧૯માં આઈપીએલમાં ખેલાડી તરીકે જોવા મળ્યો હતો. એ પણ નોંધનીય છે કે GTનો કેપ્ટન શુભમન ગિલ છે, જે યુવરાજની જેમ પંજાબથી આવે છે.

## રાહુલ દ્રવિડ કોચ તરીકે ફરીથી ક્રિકેટના મેદાનમાં વાપસી કરશે



મુંબઈ,તા.૨૩

ટીમ ઈન્ડિયાને ટી ૨૦ વર્લ્ડકપ ૨૦૨૪માં ચેમ્પિયન બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવનાર ભારતીય ટીમના પૂર્વ મુખ્ય કોચ રાહુલ દ્રવિડનો કાર્યકાળ સમાપ્ત થઈ ગયો હતો. રાહુલ દ્રવિડે મજબૂત ટીમ ઈન્ડિયાને પાછળ છોડી દીધી છે. એવા અહેવાલો સામે આવી રહ્યા છે કે રાહુલ દ્રવિડ કોચ તરીકે ફરીથી ક્રિકેટના મેદાનમાં વાપસી કરી શકે છે. આઈપીએલ ૨૦૨૫માં રાહુલ દ્રવિડ ટીમ સાથે જોડાયો હોવાના અહેવાલો છે.

ટી૨૦ વર્લ્ડકપ ૨૦૨૪ બાદ ટીમ ઈન્ડિયા માટે રાહુલ દ્રવિડનો કાર્યકાળ પૂરો થઈ ગયો હતો. ત્યારથી રાહુલ બ્રેક પર છે, પરંતુ હવે દ્રવિડ ફરી એકવાર કોચની ભૂમિકામાં જોવા મળી શકે છે. અહેવાલો અનુસાર, રાહુલ દ્રવિડ આઈપીએલ ૨૦૨૫માં રાજસ્થાન રોયલ્સ સાથે જોડાઈ શકે છે. આ દરમિયાન રાહુલ ટીમમાં મુખ્ય કોચની ભૂમિકા ભજવતો જોવા મળશે. રાહુલનો રાજસ્થાન રોયલ્સ ટીમ સાથે લાંબો સંબંધ છે એક સમય એવો હતો જ્યારે દ્રવિડ રાજસ્થાન રોયલ્સનો કેપ્ટન હતો.

સૂત્રોના જણાવ્યા અનુસાર રાજસ્થાન રોયલ્સ ફ્રેન્ચાઈઝી અને રાહુલ દ્રવિડ વચ્ચે આ અંગે વાતચીત ચાલી રહી છે. આવી સ્થિતિમાં ટૂંક સમયમાં મોટી જાહેરાત થઈ શકે છે. વર્ષ ૨૦૧૪ અને ૨૦૧૫માં રાહુલ દ્રવિડે રાજસ્થાન રોયલ્સમાં મેન્ટરની ભૂમિકા ભજવી હતી. રાહુલ દ્રવિડ વર્ષ ૨૦૧૫માં ટીમ ઈન્ડિયા ૭૭ ના મુખ્ય કોચ બન્યા હતા. આ પછી, વર્ષ ૨૦૨૧ માં તેમને ભારતીય સિનિયર ટીમના મુખ્ય કોચ બનાવવામાં આવ્યા હતા.

## ભારતીય ટીમ ટી ૨૦ અને વનડે શ્રેણી માટે શ્રીલંકા પહોંચી ગઈ

કોલંબો,તા.૨૩

ભારત અને શ્રીલંકા વચ્ચે ટી ૨૦ અને વનડે શ્રેણીનું આયોજન થવાનું છે. આ શ્રેણી શ્રીલંકામાં રમાશે. આ માટે ભારતીય ટીમ શ્રીલંકા પહોંચી ગઈ છે. પહેલા બંને ટીમો વચ્ચે ટી ૨૦ સિરીઝ રમાશે. જે બાદ વનડે શ્રેણીનું આયોજન કરવામાં આવશે. હાલમાં ટી૨૦ સિરીઝ માટે પસંદ કરાયેલા ભારતીય ખેલાડીઓ શ્રીલંકા ગયા હતા.વનડે ટીમ હજુ સુધી ત્યાં પહોંચી નથી. તમને જણાવી દઈએ કે બંને ટીમો વચ્ચે કુલ ત્રણ ટી ૨૦ મેચ રમાશે. વનડે શ્રેણીમાં પણ એટલી જ મેચો રમવાની છે. ભારતે તાજેતરમાં ટી ૨૦ વર્લ્ડ કપનો ખિતાબ જીત્યો છે. વર્લ્ડકપ બાદ ટીમ ઈન્ડિયાની આ બીજી સિરીઝ હશે. બીસીસીઆઇ દ્વારા શ્રીલંકા સામે પસંદ કરાયેલી ટી ૨૦ ટીમમાં ઘણા ફેરફાર જોવા મળ્યા છે. વાસ્તવમાં ટી ૨૦ વર્લ્ડ કપ ૨૦૨૪ની ફાઈનલમાં જીત બાદ ટીમ ઈન્ડિયાના કેપ્ટન રોહિત શર્માએ ટી ૨૦ ઈન્ટરનેશનલ માંથી સંન્યાસ લેવાની જાહેરાત કરી હતી. રોહિત શર્માની નિવૃત્તિ બાદ બીસીસીઆઇ સામે સૌથી મોટો પ્રશ્ન એ હતો કે આ ફોર્મેટમાં ટીમ ઈન્ડિયાનો નવો કેપ્ટન કોણ હશે. માનવામાં આવી રહ્યું હતું કે વર્લ્ડ કપ દરમિયાન ભારતીય ક્રિકેટ ટીમના વાઈસ કેપ્ટન રહેલા હાર્દિકને ટીમ ઈન્ડિયાની કપ્તાની સોંપવામાં આવશે, પરંતુ બીસીસીઆઈએ એક આશ્ચર્યજનક નિર્ણય લીધો અને આ ફોર્મેટમાં સૂર્યકુમાર યાદવને ભારતનો નવો કેપ્ટન બનાવ્યો. ભારતીય ટીમ સોમવારે મુંબઈથી શ્રીલંકા માટે ઉડાન ભરી હતી. ટીમ ઈન્ડિયા લગભગ ૨ કલાક પછી શ્રીલંકાની રાજધાની કોલંબો પહોંચી. જે બાદ ભારતીય ટીમ બસ દ્વારા પલ્લેકેલે પહોંચી હતી. બંને ટીમો વચ્ચે ટી ૨૦ શ્રેણીની પ્રથમ મેચ અહીં રમાશે. આ સીરીઝ માટે ટીમ ઈન્ડિયા નવા હેડ કોચ ગૌતમ ગંભીર સાથે પહોંચી છે.

ભારતીય ટીમના કોચ તરીકે ગંભીરની પણ આ પ્રથમ શ્રેણી બનવા જઈ રહી છે. આવી સ્થિતિમાં વર્લ્ડ ચેમ્પિયન ટીમને કોચિંગ આપવું તેના માટે પણ આસાન નહીં હોય.બીસીસીઆઈએ તેના સોશિયલ મીડિયા પર મુંબઈથી પલ્લેકલે પહોંચવાનો વીડિયો શેર કર્યો છે.

# કેનેડામાં બદમાશોની હિંમત, ફરી એકવાર મંદિરને નિશાન બનાવ્યું; ભારત વિરોધી સૂત્રો લખ્યા




ટોરોન્ટો,તા.૨૩

કેનેડામાં ફરી એકવાર હિન્દુ મંદિરને નિશાન બનાવવામાં આવ્યું છે. એડમન્ટનના એક મંદિર પર ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા છે. હિંદુ અમેરિકન ફાઉન્ડેશને અહેવાલ આપ્યો છે કે બીએપીએસ સ્વામિનારાયણ મંદિર પર વહેલી સવારે ભારત વિરોધી સૂત્રો લખવામાં આવ્યા હતા. જેમાં ભારતીય મૂળના કેનેડાના સાંસદ ચંદ્ર આર્ય પર હુમલો થયો હતો.

હિન્દુ અમેરિકન ફાઉન્ડેશને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પર આની તસવીર શેર કરી છે. પોસ્ટમાં લખ્યું છે કે, 'કેનેડિયન હિંદુ ચેમ્બર ઓફ કોમર્સે પુષ્ટિ કરી છે કે એડમોન્ટન, કેનેડામાં બીએપીએસ મંદિર નવીનતમ લક્ષ્ય છે. કેનેડાના હાઉસ ઓફ કોમન્સના કેટલાક હિંદુ સાંસદોમાંના એક આર્યને ધમકી આપવામાં આવી છે. જેના કારણે તમામ લોકોમાં રોષ જોવા મળી રહ્યો છે.

સાંસદ ચંદ્ર આર્યએ કહ્યું કે કેનેડામાં હિંદુ મંદિરોમાં તોડફોડની ઘટનાઓ સતત વધી રહી છે. તેણે આગળ લખ્યું, 'એડમોન્ટનમાં બીએપીએસ સ્વામિનારાયણ મંદિરમાં ફરીથી તોડફોડ કરવામાં આવી. છેલ્લા કેટલાક વર્ષો દરમિયાન, ગ્રેટર ટોરોન્ટો વિસ્તાર, બ્રિટિશ કોલંબિયા અને કેનેડામાં અન્ય સ્થળોએ હિન્દુ મંદિરોમાં ભારત વિરોધી સૂત્રોચ્ચાર સાથે તોડફોડ કરવામાં આવી રહી છે.

બહુસાંસ્કૃતિક મુદ્દાઓ પર હિમાયત માટે જાણીતા લિબરલ સાંસદ આર્યએ કેનેડામાં ખાલિસ્તાની ઉગ્રવાદીઓને અપાયેલી મુક્તિ તરફ ધ્યાન દોર્યું. તેમણે કહ્યું, 'જેમ કે મેં હંમેશા કહ્યું છે કે, ખાલિસ્તાની ઉગ્રવાદીઓ તેમની નફરત અને હિંસાની જાહેર વાણીથી સરળતાથી દૂર થઈ જાય છે. હું તેને ફરીથી પુનરાવર્તન કરવા માંગુ છું. હિન્દુ કેનેડિયનો ખરેખર નારાજ છે. હું ફરીથી કેનેડિયન કાયદા અમલીકરણ એજન્સીઓને આ મુદ્દાને ગંભીરતાથી લેવા આહ્વાન કરું છું. આ રેટરિક હિંદુ કેનેડિયનો વિરુદ્ધ હુમલામાં ફેરવાય તે પહેલાં.

# ૧૮ વર્ષ બાદ ભારતમાં દેખાશે શનિનું ચંદ્રગ્રહણ

અમદાવાદ, તા.૨૩

હંમેશા વાદળોની વચ્ચે છુપાઈ જતો ચંદ્ર પોતાની ઓથમાં શનિને છુપાવા જઈ રહ્યો છે. ૧૮ વર્ષ બાદ ભારતમાં આ દુર્લભ ખગોળીય નજારો જોવા મળશે. ભારતમાં ૨૪-૨૫ જુલાઈની મધ્ય રાતે આ નજારો જોવા મળશે. આ સમયે શનિ ચંદ્રમાની પાછળ છુપાઈ જશે અને ચંદ્રમાની પાછળથી શનિ ઝાંખો જોવા મળશે. દુનિયાભરના અંતરિક્ષશાસ્ત્રીઓ તેના અભ્યાસની તૈયારીઓ કરી રહ્યા છે. આ ઘટનાને શનિનું ચંદ્રગ્રહણ નામ આપવામાં આવ્યું છે.૨૪ જુલાઈની રાતે ૧.૩૦ વાગ્યા બાદ આકાશમાં આ દ્રશ્ય જોવા મળશે. રાતે ૧.૪૪ વાગ્યે ચંદ્રમા શનિ ગ્રહને પોતાની પાછળ સંપૂર્ણ રીતે છુપાવી લેશે. ૨.૨૫ વાગ્યે શનિ ગ્રહ ચંદ્રમાની પાછળથી નીકળતો જોવા મળશે.આ નજારો ભારત ઉપરાંત અલગ અલગ સમયે શ્રીલંકા, મ્યાંમાર, ચીન અને જાપાનમાં પણ જોઈ શકાશે. શનિના ચંદ્રગ્રહણની ઘટનાને લૂનપ ઓકલ્ટેશન ઓફ સેટર્નનું નામ આપવામાં આવ્યું છે. પોતાની ગતિથી ચાલી રહેલા બંને ગ્રહો જ્યારે રસ્તો બદલે છે તો શનિ ચંદ્રમાની પાછળથી ઉગતો હોય તેવું દ્રશ્ય જોવા મળશે.

# ગુજરાતના પ્રવાસે આવેલા ભૂતાન નરેશને કચ્છની ચાર સદી જૂની કલાકૃતિ ભેટ અપાઈ

## પ્રવાસની યાદગીરી રૂપે મુખ્યમંત્રીએ રોગન આર્ટની કલાકૃતિ અને ભુજોડી શાલ ભેટ આપી



ગાંધીનગર તા.૨૩

ભૂતાનના રાજા મહામહિમ જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક અને વડાપ્રધાન શેરિંગ તોબગે હાલ ગુજરાતના ત્રણ દિવસીય પ્રવાસ પર છે.

તેમના આ પ્રવાસ દરમિયાન તેઓ ગઈકાલે ગાંધીનગર પધાર્યા હતા અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની મુલાકાત કરી હતી, મુખ્યમંત્રીએ ભૂતાનના રાજવી અને વડાપ્રધાનના સન્માનમાં ગાંધીનગરની હોટલ ધ લીલા ખાતે સ્નેહ ભોજનનું આયોજન કર્યું હતું, ભૂતાનના રાજવીને ભેટરૂપે કચ્છની વિશ્વ પ્રસિદ્ધ રોગન કલાની પ્રતિકૃતિ તેમજ ભુજોડીની શાલ ગુજરાત પ્રવાસની સ્મૃતિરૂપે ભેટ આપી હતી.

કચ્છ ભુજોડીની વણાટકળા પ્રખ્યાત પરંપરાગત હસ્તકલા છે. ભુજોડી ગામના કુશળ વણકરો પેઢીઓથી ચાલી આવતી પરંપરાગત તકનીકોનો ઉપયોગ કરીને હાથવણાટના ઉત્કૃષ્ટ કાપડ બનાવે છે, વણાટની કળામાં ઊન અને કોટન જેવા ઉચ્ચ ગુણવત્તાના ફાઈબર્સનો ઉપયોગ કરવામાં આવે છે, શાલ, સ્ટોલ્સ, સાડીઓ, ધાબળા વગેરે જેવા વિવિધ હાથવણાટના ઉત્પાદનો બનાવવા માટે ભુજોડીના વણકરો વધારાની વેફ્ટ વીવિંગ ટેક્નિક એટલે કે તાણાવાણા વણાટની તકનીકનો ઉપયોગ કરે છે, વણાટની અદ્ભુત સુંદરતા અને સમૃદ્ધ વારસાને કારણે વિશ્વભરમાં અત્યંત લોકપ્રિય હસ્તકલા બની છે, ભારતમાં અને સમગ્ર વિશ્વમાં ફેશન ડિઝાઈનર્સ અને ગ્રાહકોમાં લોકપ્રિય પસંદ બની છે, આ વણાટકળા સ્થાનિક અર્થતંત્રનો એક મહત્વપૂર્ણ ભાગ છે, ભુજોડી ગામના ઘણાં પરિવારો આજે પણ આ કળાના માધ્યમથી જ જીવનનિર્વાહ કરી રહ્યા છે. ભાવિ પેઢીઓ માટે આ કળા જળવાઈ રહે તે માટે તેને પ્રમોટ કરવાના પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ગુણવત્તાયુક્ત ઉત્પાદનો આપતી ભુજોડી વણાટકળા ટેક્સટાઈલ આર્ટ્સની દુનિયામાં સાચા રત્ન સમાન છે. જ્યારે રોગન આર્ટ કચ્છની ચાર સદીઓ જૂની કળા છે

એ કાપડ પર પેઈન્ટિંગ કરવાની એક પદ્ધતિ છે, આ કળા ફક્ત કચ્છ જિલ્લામાં જોવા મળે છે. રોગન કળા એક સમયે લુપ્ત થવાના આરે હતી, પરંતુ રાજ્ય સરકારના અને કચ્છી સમાજના સંયુક્ત પ્રયાસોના કારણે આ કળાનું પુનરુત્થાન થયું છે.

રોગન કળામાં જે પેઈન્ટિંગ કરવામાં આવે છે, તેમાં મુખ્ય ઘટક તરીકે એરંડાનું તેલ વાપરવામાં આવે છે. રોગન એ ફારસી મૂળનો શબ્દ છે, જેનો અર્થ થાય છે, 'તેલ આધારિત' આમ, તેમાં વપરાતા મુખ્ય ઘટકના નામ પરથી આ કળાનું નામ પાડવામાં આવ્યું છે. રોગન આર્ટમાં જોવા મળતી પ્રચલિત ડિઝાઈન ફૂલો અને મંડલા પેટર્ન છે, રોગન આર્ટમાં 'ટ્રી ઓફ લાઈફ' એટલે કે જીવનવૃક્ષ એ સૌથી વખાણાયેલી ડિઝાઈન છે, અને તેના પર કામ કરવું ખૂબ અઘરું છે.

# નક્સલવાદીઓએ બિહાર-ઝારખંડમાં ૨૫મી જુલાઈએ બંધ આપ્યું

રાંચી,તા.૨૩

સીપીએમ માઓવાદી નક્સલવાદી સંગઠને ૨૫ જુલાઈએ ઝારખંડ-બિહાર બંધ અને ૨૮ જુલાઈથી ૩ ઓગસ્ટ સુધી 'શહીદ સપ્તાહ'ની જાહેરાત કરી છે. આ જાહેરાતને ધ્યાનમાં રાખીને બંને રાજ્યોના પોલીસ વિભાગે એલર્ટ જાહેર કરી દીધું છે. આ ઉપરાંત ગુપ્તચર વિભાગે પણ વધુ સાવચેત રહેવાની સલાહ આપી છે. ૧ કરોડનું ઈનામ ધરાવતા નક્સલવાદી નેતા વિવેકની પત્ની જયા હેમબ્રમ સહિત અન્ય ત્રણ નક્સલવાદીઓની ધરપકડના વિરોધમાં ઝારખંડ-બિહાર બંધનું એલાન કરવામાં આવ્યું છે. સંગઠનની બિહાર-ઝારખંડ સ્પેશિયલ એરિયા કમિટીના પ્રવક્તા આઝાદે આ અંગે એક પ્રેસ રિલીઝ જાહેર કરી છે.

તમને જણાવી દઈએ કે ઝારખંડ પોલીસે પહેલા મહિલા નક્સલવાદી જયા હેમરામ પર ૨૪ લાખ રૂપિયાનું ઈનામ રાખ્યું હતું, જે બાદમાં પાછું ખેંચી લેવામાં આવ્યું હતું. તે ગયા અઠવાડિયે કેન્સરની સારવાર માટે ધનબાદની એક ખાનગી હોસ્પિટલમાં ગઈ હતી, જ્યારે પોલીસે ગુપ્ત માહિતીના આધારે તેની ધરપકડ કરી હતી. સીપીઆઈ માઓવાદીની બિહાર-ઝારખંડ સ્પેશિયલ એરિયા કમિટીના પ્રવક્તા આઝાદે અખબારી યાદીમાં દાવો કર્યો છે કે જયા હેમબ્રમ ઉર્ફે જયા દી અને અન્ય ત્રણ લોકો શાંતિ કુમારી, ડૉ. પાંડે અને તેમના સહયોગીઓની ઝારખંડ પોલીસે ધરપકડ કરી છે, પરંતુ તેમની ધરપકડ બાદ તેઓની ધરપકડ કરવામાં આવી છે. , આ અંગે કોઈ માહિતી આપવામાં આવી નથી.

નક્સલવાદીઓએ ઝારખંડના ચાઈબાસા જિલ્લાના કરાઈકેલા પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઘણી જગ્યાએ સોમવાર-મંગળવારે બંધ અને શહીદ સપ્તાહની જાહેરાત કરતા પોસ્ટર અને બેનરો લગાવ્યા છે. આ અંગેની માહિતી મળતાં પોલીસે પોસ્ટરોને જપ્ત કરી લીધા હતા. ગુપ્તચર વિભાગે આશંકા વ્યક્ત કરી છે કે નક્સલવાદીઓ રેલવે ટ્રેક અને સરકારી સંપત્તિને પણ નુકસાન પહોંચાડી શકે છે. આ સંદર્ભે, પોલીસ પિકેટ્સ, ચોકીઓ અને પોલીસ સ્ટેશનોમાં યોગ્ય સુરક્ષા વ્યવસ્થા જાળવવાની સલાહ આપવામાં આવી છે. પોલીસ હેડક્વાર્ટર દ્વારા રાજ્યના તમામ જિલ્લા મથકોને સાવચેતીપૂર્વક લાંબી પેટ્રોલિંગ કરવા અને નક્સલવાદીઓની જાહેરાતને ધ્યાનમાં રાખીને સંવેદનશીલ વિસ્તારોમાં વિશેષ તકેદારી રાખવા સૂચના આપવામાં આવી છે.

# રાજ્યનો ચાલુ મોસમમાં કુલ સરેરાશ વરસાદ ૪૪ ટકા થી વધુ, સૌથી વધુ સૌરાષ્ટ્ર ઝોનમાં

ગાંધીનગર,તા.૨૩

રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકામાં સૌથી વધુ ૧૧ ઈંચ વરસાદ નોંધાયો છે જ્યારે જૂનાગઢ જિલ્લાના માણાવદર તાલુકામાં ૧૦ ઈંચ અને વિસાવદર તાલુકામાં ૯ ઈંચ વરસાદ નોંધાયાના અહેવાલો છે. આ ઉપરાંત સુરત જિલ્લાના પલસાણા અને બારડોલી તાલુકામાં ૭ -૭ ઈંચ, જૂનાગઢ જિલ્લાના કેશોદ તાલુકામાં ૭ ઈંચ, વલસાડ જિલ્લાના કપરાડા તાલુકામાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

રાજ્યના સ્ટેટ ઈમરજન્સી ઓપરેશન સેન્ટર ગાંધીનગર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૨૩ જુલાઈ, ૨૦૨૪ના રોજ સવારે ૬ કલાકની સ્થિતિએ રાજ્યમાં મોસમનો કુલ સરેરાશ વરસાદ ૪૪ ટકાથી વધુ નોંધાયો છે. જેમાં સૌરાષ્ટ્ર ઝોનમાં સૌથી વધુ ૬૬ ટકા વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત કચ્છ ઝોનમાં કુલ ૫૮ ટકા, દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા, ઉત્તર ગુજરાતમાં ૨૪ ટકા તેમજ પૂર્વ-મધ્ય ગુજરાતમાં પણ ૨૪ ટકા જેટલો મોસમનો કુલ સરેરાશ વરસાદ નોંધાયો છે.

જ્યારે દ્વારકા, વાપી, ચિખલી, કામરેજ મળી કુલ ચાર તાલુકામાં છ ઈંચ વરસાદ નોંધાયો છે. ઉપલેટા, પારડી, ખેરગામ, ઉમરગામ, રાણાવાવ, વલસાડ, ગીર ગઢડા, માંડવી, નવસારી મળીને કુલ નવ તાલુકામાં પાંચ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે સુરત શહેર, કોડીનાર, જૂનાગઢ, જૂનાગઢ શહેર, મુન્દ્રા, ધરમપુર, વંથલી, જલાલપોર, ઉમરપાડા મળીને કુલ નવ તાલુકામાં ચાર ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે જ્યારે માંડવી (કચ્છ), માંગરોળ, મહુવા, અંકલેશ્વર, ગણદેવી, જામજોધપુર, સુત્રાપાડા, વાલિયા, વાસંદા, વ્યારા મળીને કુલ ૧૦ તાલુકામાં ત્રણ ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત ભાણવડ, શિહોર, ચુડા, ઉના, ડોલવણ, જામનગર, ચોર્યાસી, તલાલા, અબડાસા, તારાપુર, નખત્રાણા મળીને કુલ ૧૭ તાલુકામાં બે ઈંચ કરતા વધુ વરસાદ નોંધાયો છે જ્યારે નાંદોદ, ડાંગ-આહવા, ભરૂચ, ઝગડીયા, ધારી, માંગરોળ, ભુજ, ખંભાલીયા, હાંસોટ, કરજણ, વાલોદ, નેત્રંગ, અને પાદરા તાલુકા મળીને કુલ ૧૩ તાલુકામાં દોઢ ઈંચ વરસાદ નોંધાયો છે.

# ભૂસ્ખલનથી ઈથોપિયામાં ભારે વિનાશ સર્જાયો ૧૪૬ લોકોના મોત

કેન્ચો શચા ,તા.૨૩

ઈથોપિયામાં ભારે વરસાદને કારણે ભારે તબાહી જોવા મળી છે. અહીંના દૂરના વિસ્તારમાં વરસાદને કારણે ભૂસ્ખલન થવાથી ઓછામાં ઓછા ૧૪૬ લોકોના મોત થયા છે. એક સ્થાનિક અધિકારીએ આ અંગે માહિતી આપી છે.

સ્થાનિક પ્રશાસક દગ્માવી આયલે જણાવ્યું હતું કે દક્ષિણ ઈથોપિયાના કેન્ચો શચા ગોજદી જિલ્લામાં કાદવ ધસી પડતાં મૃત્યુ પામેલાઓમાં બાળકો અને સગર્ભા સ્ત્રીઓનો સમાવેશ થાય છે. સોમવારની સવારે થયેલા ભૂસ્ખલનમાં મોટાભાગના લોકો દટાયા હતા કારણ કે એક દિવસ અગાઉ અન્ય ભૂસ્ખલન પછી બચાવ કાર્યકરો પીડિતોની શોધ કરી રહ્યા હતા.

આયલે જણાવ્યું હતું કે કાટમાળમાંથી પાંચ લોકોને જીવતા બહાર કાઢવામાં આવ્યા હતા. તેમણે કહ્યું, "ઘણા એવા બાળકો છે કે જેમણે પોતાના માતા, પિતા, ભાઈ અને બહેન સહિત સમગ્ર પરિવારને ગુમાવ્યો છે અને તેઓ મૃતદેહોને વળગી રહ્યા છે કારણ કે બચાવ કામગીરી ચાલુ રહેવાથી મૃત્યુની સંખ્યા વધવાની આશંકા છે." ઈથોપિયામાં જુલાઈમાં શરૂ થતી વરસાદની મોસમ દરમિયાન ભૂસ્ખલન સામાન્ય છે. આ વરસાદી મોસમ સપ્ટેમ્બરના મધ્ય સુધી ચાલુ રહેવાની શક્યતા છે.

# દક્ષિણ ગાઝાના ખાન યુનિસ વિસ્તારમાં ઈઝરાયેલી સેનાનો હુમલો; ૭૦ લોકોના મોત



જેરુસલેમ ,તા.૨૩

ઈઝરાયેલ અને હમાઝ વચ્ચે છેલ્લા એક વર્ષથી સંઘર્ષ ચાલી રહ્યો છે. આ દરમિયાન ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં ખાન યુનિસ પર હુમલો કર્યો, જેમાં ૭૦ લોકોના મોત થયા. આ હુમલામાં ૨૦૦થી વધુ લોકોના મોત થયા હતા. હમાસ નિયંત્રિત ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે આ માહિતી આપી. સેનાએ ચેતવણી આપી હતી કે તેઓ આ વિસ્તારમાં જોરદાર કાર્યવાહી કરશે. સૈન્ય ચેતવણીએ દક્ષિણ ગાઝામાં અલ માવાસી માનવતાવાદી ક્ષેત્રના પૂર્વમાં ખાન યુનિસને અસર કરી, જેના કારણે હજારો પેલેસ્ટિનિયનો વિસ્તાર છોડીને ભાગી ગયા.

આ વર્ષની શરૂઆતમાં ખાન યુનિસમાં અનેક હુમલા થયા હતા. અલ-માવસીમાં થયેલા હુમલામાં ૯૨ લોકો માર્યા ગયા હોવાના આરોગ્ય મંત્રાલયે કહ્યું હતું તેના નવ દિવસ બાદ તાજેતરની ઘટના બની છે. ઈઝરાયેલે કહ્યું કે તેઓ હમાસ કમાન્ડરને નિશાન બનાવી રહ્યા છે. ઈઝરાયલે હમાસને સંપૂર્ણ રીતે નષ્ટ કરવાની પ્રતિજ્ઞા લીધી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ પર યુદ્ધવિરામ અને બંધકોની મુક્તિ અંગે સતત દબાણ કરવામાં આવી રહ્યું છે.

નેતન્યાહૂ અમેરિકી રાષ્ટ્રપતિ જો બિડેનને મળશે. બિડેન ઈઝરાયેલના રાષ્ટ્રપતિ સાથે યુદ્ધવિરામ અંગે સતત વાત કરી રહ્યા છે. ગયા વર્ષે ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો. આ હુમલાના નવ મહિના પછી પણ ઈઝરાયેલ અને હમાસ વચ્ચે સંઘર્ષ ચાલુ છે. આ વર્ષે જૂનમાં નેતન્યાહૂએ કહ્યું હતું કે યુદ્ધ ચરમસીમાએ છે અને સમાપ્ત થવાનું છે.

ગાઝાના સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું, "ખાન યુનિસ વિસ્તારમાં આજે સવારથી હુમલા થઈ રહ્યા છે. આ હુમલામાં ૭૦ લોકોના મોત થયા છે, જ્યારે ૨૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે." ઈઝરાયેલી સૈન્યએ મૃતકોની સંખ્યા અંગે ટિપ્પણી કરી નથી. જો કે, એક નિવેદનમાં, સેનાએ કહ્યું કે તેના ફાઈટર જેટ અને ટેક્રોએ આ વિસ્તારમાં આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો અને તેમને ખતમ કરી દીધા. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે સેનાએ ખાન યુનિસમાં ૩૦થી વધુ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો. ઈઝરાયલી દળોએ હમાસના આતંકવાદીઓ દ્વારા ઉપયોગમાં લેવાતા શસ્ત્રોના સંગ્રહ સુવિધાઓ, ટનલ શાફ્ટ અને માળખાને પણ નિશાન બનાવ્યા હતા.

તમને જણાવી દઈએ કે ગયા વર્ષે ૭ ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ દક્ષિણ ઈઝરાયેલ પર હુમલો કર્યો હતો, જેમાં ૧,૧૯૭ લોકો માર્યા ગયા હતા. માર્યા ગયેલા લોકોમાં મોટા ભાગના ઈઝરાયેલના નાગરિકો હતા. આતંકવાદીઓ ૨૫૧ લોકોને બંધક બનાવીને ગાઝા લાવ્યા હતા. ઈઝરાયેલી સેનાનું કહેવું છે કે ૧૧૬ બંધકો હજુ પણ ગાઝામાં છે, જ્યારે ૪૪ના મોત થયા છે. આ હુમલાના જવાબમાં ઈઝરાયેલની સેનાએ ગાઝા પર હુમલો કર્યો અને વિસ્તારના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો નાશ કર્યો. આ હુમલામાં ગાઝાના ૩૯,૦૦૦ લોકો માર્યા ગયા હતા.

# ઓમ બિરલાની પુત્રી અંજલિએ દિલ્હી હાઈકોર્ટમાં માનહાનિ મુદ્દે અરજી કરી

નવીદિલ્હી,તા.૨૩

ભારતીય રેલ્વે કર્મચારી સેવા અધિકારી અને લોકસભાના સ્પીકર ઓમ બિરલાની પુત્રી અંજલિ બિરલાએ દિલ્હી હાઈકોર્ટમાં માનહાનિનો દાવો દાખલ કર્યો છે, જેમાં તેણીએ યુપીએસસીની પરીક્ષા તેના પિતાના પ્રભાવને કારણે પ્રથમ વખત પાસ કરી હોવાનો આક્ષેપ કરતી સોશિયલ મીડિયા પોસ્ટને દૂર કરવાની માંગ કરી છે. તાજેતરમાં, અંજલિ બિરલા વિશેની કેટલીક સોશિયલ મીડિયા પોસ્ટ્સમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે તેના પિતાની સ્થિતિ અને પ્રભાવને કારણે તેણે પ્રથમ પ્રયાસમાં જ યુનિયન પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષા પાસ કરી હતી. અંજલિ બિરલાએ આરોપ લગાવ્યો છે કે સોશિયલ મીડિયા પર કરવામાં આવેલા દાવા બદનક્ષીભર્યા અને ખોટા છે.

ઓમ બિરલાની પુત્રી અંજલિ બિરલા વિશે એવો દાવો કરવામાં આવી રહ્યો હતો કે તે તેના પિતાના શક્તિશાળી પદને કારણે આઈએએસ ઓફિસર બની હતી. ઓમ બિરલા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા અને નીટ યુજી પેપર લીક વિવાદ શરૂ થયા પછી તરત જ આ બાબત સોશિયલ મીડિયા પર ખૂબ વાયરલ થઈ ગઈ હતી. ઘણી સોશિયલ મીડિયા પોસ્ટમાં એવો આક્ષેપ કરવામાં આવ્યો હતો કે અંજલિ બિરલા વ્યવસાયે એક મોડેલ છે અને તેણે તેના પિતાના શાસનમાં પ્રથમ પ્રયાસમાં યુપીએસસી પરીક્ષા પાસ કરી હતી . જો કે, અંજલિ બિરલાએ આ દાવાઓને ફગાવી દીધા છે અને કહ્યું છે કે આ સોશિયલ મીડિયા હેન્ડલ્સ એક ષડયંત્રના ભાગરૂપે તેને બદનામ કરવાનો પ્રયાસ કરી રહ્યા છે.

અંજલિ બિરલાએ એક્સ (ટ્વિટર), ગૂગલ અને અજાણ્યા લોકોને પાર્ટી બનાવી છે અને તે પોસ્ટને હટાવવાની માંગ કરી છે. તેમણે ૧૬ ખાતાઓની વિગતો આપી છે જેની સામે રાહત માંગવામાં આવી છે. આમાં યુટયુબર ધ્રુવ રાઠીનું પેરોડી એકાઉન્ટ પણ સામેલ છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં કરવામાં આવેલા દાવાથી વિપરીત, અંજલિ બિરલા આઈએએસ નથી પરંતુ આઈઆરપીએસ ઓફિસર છે. તેણીએ ૨૦૧૯ માં યુપીએસસી પરીક્ષા આપી હતી અને એપ્રિલ ૨૦૨૧ માં કમિશનમાં જોડાઈ હતી.

મુકદમામાં વધુમાં જણાવ્યું હતું કે ખોટી અને અપમાનજનક માહિતી ઈરાદાપૂર્વક ફેલાવવામાં આવી રહી છે જે તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડી શકે છે.

# નાનાઅંગીયાઃ ભૂલકાઓને ચાલો રમીએ હોડી હોડી કાવ્ય જીવંત રીતે શીખવ્યું




આણંદપર(યક્ષ)તા.૨૩

નાના ભૂલકાઓએ, ચાલોને રમીએ હોડી હોડી, હકીકતે વરસાદી પાણીમાં હોડી હંકારી ભૂલકાંઓની સાથે વર્ગ શિક્ષક પણ બાળક બનીને વિદ્યાર્થીઓ સાથે ઝૂમી ઊઠ્યા હતા.

શાળાકીય શૈક્ષણિક પ્રવૃતિ અંતર્ગત વિદ્યાર્થીઓએ જાતે બનાવેલ કાગળની હોડી સાથે રમત રમવા અને કાગળની હોડી પાણીમાં કઈ રીતે તરે છે તે પ્રત્યક્ષ રીતે જ્ઞાન આપવા નાના અંગિયા પ્રાથમિક શાળાના ધોરણ ચાર અને પાંચના વિદ્યાર્થીઓએ વરસાદના વિસામા બાદ શાળા પ્રાંગણની એકદમ નજીક આવેલ સલામત જગ્યાએ શૈક્ષણિક મુલાકાત લઈને ચાલોને રમીએ હોડી હોડી પ્રવૃતિ કરી હતી.

પાઠ્ય પુસ્તકમાં આવતું કાવ્ય "ચાલો ને રમીએ હોડી હોડી "ને હકીકતમાં જીવંત રીતે વિધાર્થી ઓ પાઠ ભણ્યા હતા, શાળાના મદદનીશ શિક્ષક વિશાલ જોશીએ વિધાર્થીઓને આસપાસનું પર્યાવરણ, વરસાદનું મહત્વ આવા બાળ કાવ્યો અને રમતોની સમજ આપી હતી, તેમણે જણાવ્યું હતું કે, આ રીત કાવ્ય, અભિનય ગીત વિદ્યાથીઓને શીખવવું એ મારું સ્વપ્ન હતું જે આજે સાકાર થયું.

# દેશલપર(ગું) ગામની અલગ વીજ ફીડરની માંગ



ભુજ તા.૨૩

દેશલપર ગુંતલી મધ્યે પી.જી.વી.સી.એલ દ્વારા અહીં સબ સ્ટેશન આવેલ છે, જેની અંદર થી દેશલપર(ગું) તેમજ આજુબાજુના ૫ થી ૬ ગામોમાં વિજ પુરવઠો અપાય છે. દેશલપરના ગામજનોની માગણી છે કે "વિલેજ હેલ્પ" અંતર્ગત ગામને અલગ ફીડર આપવામાં આવે. આ ગામમાં પ્રસુતિગૃહની સુવિધા સાથે પી.એચ.સી. ચાર ગામોની સસ્તા અનાજની દુકાન, પોસ્ટ ઓફિસ, જેવી પ્રાથમિક સુવિધાઓ છે, હવે પંચાયત તેમજ ગામજનોની માંગણી છે કે, આ ગામને અલગ ફીડર આપવામાં આવે તો હાલ વિજ સંબધિત જે અસુવિધાઓ છે તેમાંથી લોકોને મુક્તિ મળે તેવું જગદીશ દવેએ જણાવ્યું હતું.

# ભુજ સરપટનાકા બહાર પતા ટીંચતા ૭ ખેલી ઝડપાયા

ભુજ તા.૨૩

શહેરમાં સરપટનાકા બહાર વિસ્તારમાં ભુજ શહેર એ ડીવીઝન પોલીસે ૭ ખેલીઓને દરોડો પાડી ઝડપી પાડ્યા હતા.

પોલીસ ઈન્સપેક્ટર એ.જી. પરમારની સુચના અને માર્ગદશન હેઠળ સર્વેલન્સ સ્ટાફને ખાનગી બાતમી મળેલ કે, શહેરના સરપટ નાકા બહાર શાંતીનગર જત ફળીયામાં દીલીપ ગૌરીશંકર રાજગોર ના મકાન ની બહાર ખુલ્લી જગ્યામાં બહારની લાઈટ ના અજવાળે અમુક ઈસમો ગંજીપાના વડે તીનપત્તીનો જુગાર રમી-રમાડે છે, જેથી તે જગ્યાએ રેઈડ કરી સાત ઈસમો, દીલીપ ગૌરીશંકર રાજગોર, અજરૂદ્દીન સીદીક મુતવા, સતાર રમઝાન ત્રાયા, અલીમામદ દાઉદ કુંભાર, અભુભખર મામદ કુંભાર, અને ઈસ્માઈલ સલીમ કાસમ કુંભાર ને જુગાર રમતા રોકડા રૂપીયા ૧૨,૩૦૦, મોબાઈલ-૭ કિ.રૂ.૨૬,૦૦૦ તથા ટુ-વ્હીલર વાહન-૩ કી.રૂ.૭૦,૦૦૦ એમ કુલ્લે કી.રૂ.૧,૦૮,૩૦૦ ના મુદામાલ સાથે પકડી પાડયા હતા. આ કામગીરીમાં પોલીસ ઈન્સપેક્ટર એ.જી.પરમાર ની સુચના અને માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના પો.હેડ.કોન્સ. મહીપાલસિંહ જાડેજા, રણજીતસિંહ જાડેજા, ભરતજી ઠાકોર કોન્સ. જીવરાજ ગઢવી, જયદેવસિંહ જાડેજા તથા લાખાભાઈ બાંભવા જોડાયેલા હતા.

# આડેસર દારૂની તપાસનો બાકી રહેતો આરોપી ઝડપાયો

ગાંધીધામ તા.૨૩

પ્રોહિબિશનના ગુનાની ચાલુ તપાસના આરોપીને આડેસર પોલીસે ઝડપી પાડ્યો છે. જીલ્લામાં નાસતા ફરતા આરોપીઓ તથા ચાલુ તપાસના આરોપીઓને પકડી પાડવા સુચના અનુસંધાને આડેસર પોલીસ સ્ટેશનના સબ ઈન્સપેક્ટર વી.પી. આહિર તથા પોલીસ સ્ટાફ ના માણસો નાસતા ફરતા આરોપીઓ શોધવા સતત પ્રયત્નીશીલ હતા તે દરમ્યાન આડેસર પોલીસ મથકે નોંધાયેલ ગુનાના પકડવાના બાકી આરોપી મોબતસિંહ નેનસિંહરાવ (રહે.સાંચોર, રાજસ્થાન) ને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

આ કામગીરી પો.સ.ઈ. વી.પી. આહિર તથા આડેસર પોલીસ સ્ટેશન સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# ભુજ હંગામી આવાસમાં મંદિર તથા દુકાનમાં ચોરી કરનાર ઈસમ ઝડપાયો



ભુજ તા.૨૩

હંગામી આવાસ રેલ્વે ફાટક પાસે આવેલ મંદીર તથા દુકાનમાંથી થયેલ ચોરીનો ભેદ ઉકેલી આરોપીને દબોચી તમામ મુદ્દામાલ ભુજ બી ડીવીઝન પોલીસે રીકવર કર્યો છે.

પો.સ્ટે. ખાતે દાખલ થયેલ મિલ્કત સબંધી ગુનાઓ શોધવા માટે જરૂરી સુચના અન્વયે ભુજ શહેર બી ડીવીઝન પોલીસ સ્ટેશના પોલીસ ઈન્સ્પેક્ટર આર.જે. ઠુંમરના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ સ્ટાફના માણસો જી.આઈ.ડી.સી. હંગામી આવાસ રેલ્વે સ્ટેશન પાસે આવેલ દશામાના મંદીરમાં તથા મંદીરની બાજુમાં આવેલ દુકાનમાં થયેલ ચોરીના ગુનાને શોધવા કાર્યરત હતા તે દરમ્યાન પો.કોન્સ.રાજ રાજેન્દ્ર જેસરને ખાનગી રાહે બાતમી મળેલ કે આ ગુનાને અંજામ આપનાર ઈસમ હાલે જી.આઈ.ડી.સી.વિસ્તારમાં આવેલ મીલો પાસે આટાફેરા કરી રહેલ છે,જે બાતમી આધારે વર્કઆઉટ કરી મજકુર ઈસમ સમીર અબ્દુલરજાક ખલીફા (હાલે રહે. હંગામી આવાસ ભુજ મુળ નાગોર તા-ભુજ)

ને પકડી લઈ પો.સ્ટે લાવી યુક્તિ પૂર્વક પુછપરછ કરતા મજકુર ઈસમે ઉપરોક્ત ચોરી પોતે કરેલ હોવાની કબુલાત આપી હતી, તેની પાસેથી ચોરેલો તમામ મુદ્દામાલ રીકવર કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી હતી. આરોપીઓ પાસેથી દશામાની ચાદીની મુર્તી બે આશરે કિં.રૂ.૨૪,૦૦૦, ચાદીની સાંઢળીઓ સાત આશરે કિં.રૂ.૪૮,૦૦૦, મંદીરમાં લાગેલ સી.સી.ટી.વી. કેમેરા નુ ડી.વી.આર. કિં.રૂ.૧૦૦૦, બીડી, સીગારેટ, વીમલના પેકેટ ભરેલ થેલો આશરે કિં.રૂ.૧૦,૦૦૦,એન્ડ્રોઈડ મોબાઈલ નંગ-૦૨ કિં.રૂ.૧૦,૦૦૦ એમ કુલ્લ કિં.રૂ.૯૩,૦૦૦ નો મુદામાલ હસ્તગત કરવામાં આવ્યો હતો. આ કામગીરીમાં પોલીસ ઈન્સ્પે. આર.જે.ઠુંમરના માર્ગદર્શન એ.એસ.આઈ. નિલેશ ભટ્ટ,હેડ.કોન્સ. મહાવીરસિંહ જાડેજા, રાણાભાઈ કોલા, કોન્સ. વિજયજી ઠાકોર, રાજ જેસર, કીરીટસિંહ જાડેજા તથા શૈલેશ પારગી એ જોડાઈને કરી હતી.

## સંક્ષિપ્ત સમાચાર

# માંડવીમાં રાહત દરે ફૂલબોડી ચેકઅપ કેમ્પ યોજાયો



માંડવી તા.૨૩

શહેરની જૈન નુતન શાળા નં.૩ના પૂર્વ આચાર્ય દિનેશ મણિલાલ શાહના પુત્ર સ્વ. દીપ શાહની પ્રથમ માસિક પુણ્યતિથિએ સ્વ.દીપ ના આત્મશ્રેયાર્થે રાહત દરે ફુલબોડી ચેકઅપ કેમ્પનું કિરણ ક્લિનિક મધ્યે આયોજન કરાયું હતું. આ કેમ્પને દીપ પ્રગટાવીને ખુલ્લો મુકતા દાતા માનવંતીબેન મણીલાલ મહેતા પરિવારના દિનેશ શાહે જણાવ્યું હતું કે, આજે દિન પ્રતિદિન લેબોરેટરીના ભાવ વધી રહ્યા છે ત્યારે રાહત ભાવના ફૂલબોડી ચેકઅપ કેમ્પ નગરજનો માટે આશીર્વાદ રૂપ છે, તેથી અમારા પરિવારે કેમ્પનું આયોજન કરેલ છે.

આ કેમ્પમાં સેવા આપતા ડો.જય મહેતાએ જણાવ્યું હતું કે, આ કેમ્પમાં ૧૪૭ પ્રકારના બ્લડનું ચેકઅપ કરી અપાયું હતું જેનો કુલ ૩૫ લોકોએ લાભ લીધો હતો. આ કેમ્પમાં લાભાર્થી પરિવારના ધીરજ મહેતા, વર્ધમાન મહેતા અને અર્ચનાબેન મહેતા સહયોગી રહ્યા હતા. સાજીદ જતે પણ કેમ્પમાં સહયોગ પુરો પાડ્યો હતો.

# માંડવીમાં ગુરુવારે નિ:શુલ્ક ડાયાબિટીસ તપાસ કેમ્પ યોજાશે

માંડવી તા.૨૩

જિલ્લા પંચાયત સંચાલિત જૈન નૂતન પ્રાથમિક શાળા નંબર ૩ના પૂર્વ શિક્ષિકા સ્વ. રંજનબેન દિનેશ શાહની છઠ્ઠી પુણ્યતિથિ નિમિત્તે કિરણ ક્લિનિકમાં તા. ૨૫/૦૭, ગુરુવારના સવારના ૧૦ થી ૧૨ વાગ્યા દરમ્યાન માનવંતીબેન મણીલાલ મહેતા (ડગાળા/ માંડવી)ના સૌજન્યથી યોજાનારા ડાયાબિટીસ નિ:શુલ્ક કેમ્પમાં બ્લડ સુગર અને બ્લડપ્રેશર નિ:શુલ્ક તપાસી અપાશે.જેમાં ડો.જય મહેતા સેવા આપશે આ નિ:શુલ્ક કેમ્પનો બહોળી સંખ્યામાં લાભ લેવા જૈન નૂતન શાળાના પૂર્વ આચાર્ય દિનેશ શાહે અનુરોધ કર્યો છે.

# માતૃછાયા કન્યા વિદ્યાલયના શિક્ષિકા દ્વારા નામાનાં શિક્ષણમાં નવતર પ્રયોગ



ભુજ તા.૨૩

ભુજની કન્યા કેળવણી ક્ષેત્રે પ્રતિષ્ઠિત શાળા શ્રી માતૃછાયા કન્યા વિદ્યાલય વિવિધ પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થિનીઓમાં શિક્ષણ અને સંસ્કાર ઘડતર આપવા માટે વિવિધ પ્રયોગો હાથ ધરતી હોય છે, જેના અનુસંધાને શાળાના કોમર્સ શિક્ષિકા ભાવિની ત્રિપાઠી દ્વારા નામાનાં મુળતત્ત્વો વિષયને રસપ્રદ બનાવી વિદ્યાર્થીનીઓ સરળતાથી સમજી શકે તે માટે ભવાઈ દ્વારા નામાનાં શિક્ષણનો નવતર પ્રયોગ કરવામાં આવ્યો હતો વિદ્યાર્થીનીઓ ભવાઈ દ્વારા રજૂ થયેલી આમનોંધ ખૂબ જ ઉત્સાહભેર શીખી અને દાખલા કરવા લાગી.

રંગલા તરીકે ક્રિના ગાંધી, રંગલી તરીકે માયા ગઢવી અને ગટુડીના પાત્રમાં આર્ચી દાવડા અભિનય કર્યો હતો. હર્ષીદા જોશી અને શાળાનું સંગીત વૃંદો તેમની સાથે રહ્યા હતા આ માટે માર્ગદર્શન શાળાના આચાર્યા સુહાસ તન્નાએ આપ્યું હતું. મેનેજીંગ ટ્રસ્ટી મુકેશ ભાઈ શાહ તથા સમગ્ર ટ્રસ્ટી ગણે નવતર પહેલ માટે અભિનંદન પાઠવ્યા હતા.

# નાના અંગીયા પ્રા.શાળામાં આરોગ્યલક્ષી પાઠ ભણાવાયા



આણંદપર(યક્ષ)તા.૨૩

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર વિથોણ સેજા હેઠળના નખત્રાણા તાલુકાના નાના અંગીયા ગામે પ્રાથમિક શાળામાં વાહકજન્ય, પાણીજન્ય, દુષિત ખોરાકથી ફેલાતા રોગો, સ્વચ્છતા, બેટી બચાવો, બેટી પઢાઓ વગેરે વિષયોની માહિતી આપવામાં આવી હતી. તાલુકા કક્ષાએથીએસ.એ.પીંજારા,જયેશ વણકર,આયુષ્યમાન ભારત આરોગ્ય મંદિર નાના અંગિયાથી મેહુલકુમાર ભાભોર, પૂજાબેન જોષી, આચાર્ય,શિક્ષણ સ્ટાફ હાજર રહ્યા હતા. કાર્યક્ર્મે અંતે પોરા નિદર્શન કાર્યક્રમ મેહુલ ભાભોર દ્વારા કરવામાં આવ્યો હતો, તેમણે બાળકોને વાસી ખોરાક, રેડીમેડ આવતા પડીકા ખાવાનો ઉપયોગ ટાળવા તેમજ ઘર આગણું, શેરીઓ અને ગામની સ્વચ્છતા હશે તો આપણને કોઈ બીમારી લાગુ નહિ પડે, અને ડોકટરની દવા લેવી નહિ પડે એવું જણાવ્યું હતું.

# ભુજ ખાતે ઓટોમેડેટ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક ટેકનિકલ ક્ષતિના કારણે બંધ

ભુજ તા.૨૩

પ્રાદેશિક વાહન વ્યવહાર ભુજ ખાતેની કચેરીના ઓટોમેડેટ ડ્રાઈવિંગ ટેસ્ટ ટ્રેક પર ટેકનિકલ ક્ષતિના કારણોસર ૨- વ્હીલર અને ૪ વ્હીલર(એલ.એમ.વી કારની) ડ્રાઈવિંગ ટેસ્ટ લેવાની કામગીરી હાલ બંધ રહેશે.

ટેકનિકલ ક્ષતિ દુર થતા રાબેતા મુજબ ટેસ્ટ લેવાની કામગીરી ચાલુ કરવામાં આવશે એવું પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી ભુજની અખબારી યાદીમાં જણાવાયું છે.

# શિક્ષણમાં નવાચાર બદલ ગંઢેર પ્રા.શાળાના શિક્ષિકાનું ગુરૂ ગૌરવ એવોર્ડથી સન્માન



આણંદપર(યક્ષ)તા.૨૩

સાંદીપનિ વિદ્યાનિકેતન પોરબંદર ખાતે ભાઈ રમેશ ઓઝાના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમાની ઉજવણીનો કાર્યક્રમ યોજાયો હતો, જેમાં શિક્ષણ ક્ષેત્રમાં અમૂલ્ય પ્રદાન તથા શિક્ષણમાં નવાચાર બદલ કચ્છ જિલ્લામાંથી ગંઢેર પ્રાથમિક શાળાના તેજલબેન રોનક ગોરની શ્રેષ્ઠ શિક્ષક ગૌરવ એવોર્ડ માટે પસંદ થયા હતા.

ગુરુપૂર્ણિમાની પૂર્વસંધ્યાએ સાંદીપનિ વિદ્યાનિકેતન પોરબંદર ખાતે યોજાયેલ ભવ્ય ભાવપૂજન કાર્યક્રમમાં ભાઈ રમેશ ઓઝાના હસ્તે સાંદીપનિ ગુરુ ગૌરવ એવોર્ડથી તેજલબેનનું સન્માન કરવામાં આવ્યું હતું, આ અગાઉ તેજલબેનને અમદાવાદ ખાતે શિક્ષણમંત્રીના કાર્યક્રમમાં સન્માન, પ્રતિભાશાળી શિક્ષક સહિત સન્માનો મળી ચૂક્યા છે.

આ આયોજન સાથે સંસ્થામાં શૈક્ષણિક રમકડાં પ્રદર્શનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં તેજલબેન દ્વારા નિર્દેશિત ગણિત વિજ્ઞાન તથા ટેકનોલોજીને લગતા રમકડાંઓ, પઝલ, ગેમ, વી.આર બોક્સ વગેરે સૌ મુલાકાતીઓને પસંદ આવ્યા હતા, તેમના સ્ટોલની મુલાકાત વખતે વી.આર બોક્સ નિહાળતા ભાઈશ્રી એ કહ્યું હતું કે, આવું મને અમેરિકામાં પહેરવામાં આવ્યું હતું, ભાઈશ્રીના સાનિધ્યમાં ગુરુપૂર્ણિમા ભાવપૂજન કાર્યક્રમમાં પોરબંદરના ધારાસભ્ય અર્જુન મોઢવાડીયા, પોરબંદર નગર અધ્યક્ષા, સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના કુલપતિ સહિત અનેક મહાનુભાવોની ઉપસ્થિતિમાં કચ્છ જિલ્લાનો ગુરુ ગૌરવ એવોર્ડ તેજલબેનને એનાયત કરાયો હતો, ગુજરાતના પ્રત્યેક જિલ્લામાંથી એક શિક્ષક તથા લાઈફ ટાઈમ અચિવમેંટ એમ ત્રણ મુખ્ય એવોર્ડ સહિત ૩૯ એવોર્ડ એનાયત કરાયા હતા.

ભાઈશ્રી, સાંદીપનિ ગુરુ ગૌરવ એવોર્ડ સમારોહને પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ નામ આપે છે, તેમની મહેચ્છા એવી રહી છે કે શિક્ષણ સાથે ઓતપ્રોત બનીને વિદ્યાયજ્ઞમાં આહુતિ આપનાર શિક્ષક સમુદાય સાંદીપનિમાં એકત્રિત થાય, તેમની સમક્ષ શિક્ષણ જગતના તજજ્ઞો આત્મચિંતન કરે અને ગુરુપૂર્ણિમાના પાવન પર સાંદીપનિ વિદ્યાનિકેતનમાંથી ગુરુનું ગૌરવ પ્રાપ્ત કરી શિક્ષક ભાઈ-બહેનો પોતપોતાના ક્ષેત્રમાં સંલગ્ન બને.

# ભુજ સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિરની છાત્રાની રાષ્ટ્રિય કક્ષા એન.સી.સી.તાલીમ માટે પસંદગી



ભુજ તા.૨૩

સ્વામિનારાયણ મંદિર,ભુજ સંચાલિત સ્વામિનારાયણ કન્યા વિદ્યા મંદિર અને સહજાનંદ ગર્લ્સ ઈન્સ્ટિટ્યૂટ ભુજ કોલેજની એન.સી.સી.ની દીકરીઓએ અલગ અલગ તાલીમ કેમ્પમાં ભાગ લીધો હતો. જે પૈકી કોલેજની દીકરીઓ આર્મીમાં ફોજી બનવાની ટ્રેનિંગમાં કેમ જોડાવું તેની ટ્રેનિંગ માટે તા.૮ થી ૧૯ જુલાઈ દરમ્યાન, ૨૭- મદ્રાસ બટાલિયનનો જામનગર મુકામે નેશનલ કક્ષાનો આર્મી એટેચમેન્ટ કેમ્પ યોજાયેલ, જેમાં સંસ્થાની કોલેજની વિધાર્થિનીઓ રિયા કેરાઈ, જીનલ કેરાઈ, રિંકલ કેરાઈ, પૂજા રૂડાણી અને જીજ્ઞા જોડાઈ હતી, આ તાલીમ કેમ્પમાં મિલેટરી ટ્રેનિંગની અલગ અલગ રાયફલ, ડ્રોન, આર્મી ટેક્ વિગેરે વિશે માહિતગાર કરવામાં આવેલ ઉપરાંત આઈ.એન. એસ.વાલસુરા-જામનગર નેવલ યુનિટની પણ મુલાકાત કરાવવામાં આવી હતી.

સંસ્થાની હાઈસ્કુલની વિદ્યાર્થિની હિરાણી જેમિની એ CATC ૫૦૮ અને CATC ૫૦૯ કેમ્પમાં ઉત્કૃષ્ટ દેખાવ કરી નેશનલ કક્ષાના સિલેક્શન કેમ્પ માટે પસંદગી પામી હતી અને થામણા વલ્લભવિદ્યાનગર ખાતે ભાગ લેવા જઈ રહી છે. સંસ્થાની કોલેજ તથા હાઈસ્કૂલની અન્ય એન.સી.સી.ની વિધાર્થિનીઓએ પણ રુદ્રમાતા CATC-૫૧૦ કેમ્પ માં તાલીમ મેળવેલી છે. દિકરીઓ એમના જીવનમાં આ ક્ષેત્રમાં આગળ વધી દેશની સંરક્ષણ સેવામાં જોડાય એવા આશય સાથે પ્રશંસનીય પ્રદર્શન બદલ ભુજ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી, સમસ્ત સંત મંડળ, સાંખ્યયોગી મહંત સામબાઈ ફઈ સહિત સાંખ્યયોગી બહેનો સાથે મંદિર ટ્રસ્ટી મંડળ, સંસ્થા સંચાલક મંડળ, સંસ્થાની કોલેજ થતા સ્કૂલના આચાર્યા, સ્ટાફ પરિવાર તેમજ દેશ વિદેશના હરિભક્તો દ્વારા અભિનંદન સાથે શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# ચાંદરાણી દૂધ મંડળી દ્વારા પશુપાલકોને અંતિમ ભાવ ચુકવાયો



અંજાર તા.૨૩

ચાંદરાણી દૂધ મંડળી દ્વારા પશુપાલકોને અંતિમ ભાવ ચૂકવવા ચાંદરણી શીત કેંદ્ર હેઠળની દૂધ ઉત્પાદક સહકારી મંડળીનો કાર્યક્રમ યોજાયો હતો. અમૂલના વાઈસ ચેરમેન તથા સરહદ ડેરીના ચેરમેન વલમજી હુંબલની અધ્યક્ષતામાં યોજાયેલ કાર્યક્રમમાં સૌથી વધુ દૂધ ભરાવતા પશુપાલકોને ચેક અને ટી શર્ટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા, તેમણે અધ્યક્ષ સ્થાનેથી જણાવ્યું હતું કે દર ૧૫ દિવસે દૂધના રૂપિયા પશુપાલકોના ખાતામાં જમા થઈ જાય છે, સાથે પશુઓને સરહદ દાણ, મિનરલ મિક્સચર, તેમજ રાહત દરે મળતી કૃમિનાશક (કરમીયાંની) ગોળી પશુને જરૂરથી ખવડાવવા તેમજ ડેરી દ્વારા આપવામાં આવતી અન્ય ઈનપુટ સર્વિસનો લાભ લેવા પણ પશુપાલકોને અનુરોધ કર્યો હતો. ચાંદરાણી દૂધ મંડળી દ્વારા વર્ષ ૨૦૨૩/૨૪ દરમિયાન ૫૮ લાખ ૯૨ હજાર રૂપિયાનું દૂધ સરહદ ડેરીમાં ભરાવેલ જેના અંતિમ ભાવ ૫% લેખે, રૂ.બે લાખ ૯૪ હજાર પશુપાલકોને આપવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમ સૌથી વધુ દૂધ ભરાવનાર ત્રણ પશુપાલકોને સન્માનિત કરવામાં આવ્યા હતા, આ પ્રસંગે ચાંદરાણીના પૂર્વ સરપંચ ધનજી હુંબલ અને ગામના અગ્રણી શત્રુઘ્ન હુંબલ, સેન્ટર ઈન્ચાર્જ તેમજ મંડળીમાં દૂધ ભરાવતા પશુપાલકો હાજર રહ્યા હતા.

# અંજાર નગરપાલિકા દ્વારા ચોમાસામાં રોગચાળો ન ફેલાય તે માટે તકેદારીના પગલાં



અંજાર તા.૨૩

શહેરના જાહેર અને આંતરિક માર્ગો પર સ્વચ્છતા જળવાઈ રહે તે માટે પગલા અંતર્ગત સફાઈ કરી દવાનો છંટકાવ કરવામાં આવી રહ્યો છે. અગાઉ પણ પ્રિમોન્સૂનની કામગીરીના ભાગરૂપે શહેરના જુદા જુદા વિસ્તારમાં પાણી ન ભરાય તેમજ નાળા ગટરની સફાઈ તમામ વોર્ડમાં કરવામાં આવી હતી, તેમજ નળતરરૂપ બાવળિયા વગેરે દૂર કરવામાં આવ્યા હતા. નગરપાલિકાના પ્રમુખ વૈભવ કોડરાણી, ઉપપ્રમુખ શિલ્પાબેન બુધ્ધભટ્ટી, કારોબારી ચેરમેન પાર્થ સોરઠીયા, શાસકપક્ષના નેતા નિલેશગિરિ ગોસ્વામી, દંડક કલ્પનાબેન ગોર, જાહેર આરોગ્ય સમિતિના ચેરમેન વિનોદ ચોટારા, ચીફ ઓફિસર પારસકુમાર મકવાણાની સુચના અનુસાર ઓફિસ સુપ્રીટેન્ડન્ટ ખીમજી સિંધવની દેખરેખ હેઠળ ઈજનેર વિદિત ચૌહાણ સેની. ઈન્સ્પેક્ટર તેજપાલ લોચાણી, ડ્રેનેજ ઈજનેર સાવન પંડ્યા, વિનોદ શામળીયા અને જાહેર આરોગ્ય વિભાગના કર્મચારીઓ આ કામગીરી સંભાળી રહ્યા છે, આ કામગીરીમાં શહેરના તમામ વિસ્તારોને આવરી લેવામાં આવશે.

આ તબક્કે અંજાર નગર પાલિકા દ્વારા સ્વરછ રાખવા તેમજ રોગચાળા મુક્ત બનાવવા શહેરીજનોને જાહેરમાં ખુલ્લો કચરો ન ફેકવાની અપીલ સાથે દરેક શહેરીજનોને વૃક્ષારોપણ કરી વૃક્ષોનું જતન કરવા, સમયસર વેરા ભરી સહકાર આપવા અનુરોધ કરાયો છે.

# પશ્ચિમ કચ્છના એસ.પી. સત્વરે નિમવા માંગ

### સરહદી પોલીસ ચોકીઓમાં અગાઉની જેમ બોર્ડરવીંગના જવાનોને મુકવા રાજ્યના ગૃહમંત્રીને અનુરોધ

ભુજ તા.૨૩

માતાનામઢ વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા કચ્છ જિલ્લાની પશ્ચિમ અને ઉતરે આંતરરાષ્ટ્રીય સરહદ પર પોલીસ સાથે બોર્ડર વિંગના જવાનોને મૂકવા અને પશ્ચિમ કચ્છમાં સત્વરે એસ.પી.ની ખાલી જગ્યા પુરવા માંગ કરાઈ છે. રાજ્યના ગૃહમંત્રીને પાઠવેલ પત્રમાં વિશ્વ હિન્દુ પરિષદ માતાનામઢ જિલ્લા અધ્યક્ષ લક્ષ્મણસિંહ સોઢાએ જણાવ્યું હતું કે, કચ્છની સરહદે દરિયાઈ પટ્ટી માંથી હાલે ડ્રગ્સનો કારોબાર મોટા પ્રમાણમાં થઈ રહ્યો છે.



અગાઉપોલીસની સાથે સરહદ પરની ચોકીઓ માં બોર્ડરવીંગના જવાનોને મૂકવામાં આવતા હતા, આંતરરાષ્ટ્રીય સરહદ ધરાવતા કચ્છ જિલ્લાના બોર્ડરવીંગના જવાનોને અન્ય જગ્યાએ મર્જ ન કરવા, તેમજ સરહદના રખોપા માટે આ જવાનોના અનુભવનો સંપૂર્ણ લાભ સરહદી કચ્છના સમુદ્રી તટ તથા રણકાંધીએ તેમજ સરહદના ગામડાઓમાં થતી રાષ્ટ્ર વિરોધી ગતિવિધિઓ રોકવા માટે કરવા માંગ કરતા શ્રી સોઢાએ ઉમેર્યું હતું કે, આ જવાનો ૫ ગના નિશાનો તેમજ સ્થાનિકે ભાષા અને વિસ્તારના જાણકાર હોય છે તેથી જિલ્લા પોલીસ આઉટ પોસ્ટ પર તેમને તેનાત કરી ડ્રગ્સ માફિયાઓ તેમજ રાષ્ટ્રનું અહિત ઈચ્છતા તત્વો પર રોક લગાવી શકે તેમ છે, જેથી આ જવાનોને અન્ય જગ્યાએ ન ખસેડી કચ્છ સરહદે તેમના અનુભવનો લાભ લેવા સુચવ્યું હતું. વધુમાં ગૃહમંત્રી હર્ષ સંઘવી નું ધ્યાન દોરતા શ્રી સોઢાએ પશ્ચિમ કચ્છના એસ.પી ની જગ્યા ખાલી છે, તે સત્વરે અંગત રસ દાખવી આ ખાલી જગ્યા ભરવા વિનંતી કરી હતી. ઉપરાંત ભુજ-ખાવડા રોડ સ્થિત રુદ્રમાતા મધ્યે વિશાળ ટ્રેનિંગ સેન્ટર આવેલ છે આ ટ્રેનિંગ સેન્ટરને કચ્છ જિલ્લામાં જ યથાવત રાખવા આગ્રહ કરતા ઉમેયું હતું કે, આ ટ્રેનિંગ સેન્ટર કચ્છ માંથી અન્ય જિલ્લામાં ના જાય એના માટે યોગ્ય કરવા પણ વિનંતી કરાઈ હતી.

# ભદ્રેશ્વર અદાણી વિદ્યામંદિર દ્વારા ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઈ



ભુજ તા.૨૩

વિદ્યાર્થીઓમાં ગુરુ પ્રત્યે આદર, સન્માન, સત્કાર અને આત્મીયતાની ભાવના કેળવાય, બાળકો ભારતીય પ્રાચીન શિક્ષણ પ્રણાલી પ્રત્યે ગૌરવ કેળવે, ઋણ સ્વીકારની ભાવના કેળવે તે હેતુથી અદાણી વિદ્યા મંદિર, ભદ્રેશ્વર ખાતે ગુરુપૂર્ણિમાની હર્ષોલ્લાસ સાથે ઉજવણી કરવામાં આવી હતી. જેમાં શાળાના ધોરણ ૪ થી ૧૦ સુધીના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

ગુરુપૂર્ણિમાના આ પર્વ નિમિતે અતિથિ વિશેષપદે મુન્દ્રા સી.કે.એમ.કન્યા વિદ્યાલયના નિવૃત આચાર્યા ડો. હીનાબેન જાની ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત ગરુવંદનાથી કરવામાં આવી હતી ત્યાર બાદ ભારતીય સંસ્કૃતિ મુજબ ઉપસ્થિત મહેમાનનું શાબ્દિક તેમજ પુસ્તક દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. બાળકોએ વિવિધ કૃતિઓ દ્વારા ગુરુ પ્રત્યેની પોતાની લાગણીને અભિવ્યક્ત કરી હતી. ધોરણ ૬ ની વિદ્યાર્થીની દુર્ગા આહિરે ગુરુપૂર્ણિમાનું મહત્વ સમજાવ્યું હતું, ધોરણ ૪ અને ૫ ના વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ભાષામાં ગુરુસ્તુતિ, તેમજ ધોરણ ૧ ભૂલકાઓ દ્વારા સુંદર અભિનય ગીત, તેમજ સંગીત શિક્ષકના માર્ગદર્શન હેઠળ ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા સંગીતમય શૈલીમાં ગુરુ મહિમાનું ગાન કરવામાં આવ્યું હતું, જીવનમાં ગુરુના સ્થાનનું મહાત્મ્ય સમજાવતું ધોરણ પાંચના વિધાર્થીઓદ્વારાનાટકઅનેગુરુજનોને સમર્પિતગુરુવંદના ધોરણ ૭ ની વિદ્યાર્થીનીઓએ રજુ કરી હતી, ધોરણ ૯ અને ૧૦ ના વિદ્યાર્થીઓ દ્વારા શાળાના આચાર્ય, ઉપાચાર્ય તથા પધારેલા અતિથિ વિશેષ ડૉ. હિનાબેન જાની સહિત સમગ્ર શિક્ષકોનું ગુરુપૂજન કરવામાં આવ્યું હતું. ડૉ.હીનાબેને દીકરીઓને ઉચ્ચ અભ્યાસ મેળવી સમાજમાં પોતાનું માન ભર્યું સ્થાન મેળવવા આહવાન કર્યું હતું, ગુરુપૂર્ણિમાના આ પ્રસંગે અજ્ઞાનતાના અંધકારને દૂર કરી જીવનમાં જ્ઞાનની જ્યોતિ પ્રગટાવનાર દરેક ગુરુઓનો આભાર અભિવ્યક્ત કરાયો હતો. કાર્યક્રમનું સંચાલન ધોરણ ૭ અને ૮ ના વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અદાણી વિદ્યા મંદિરમાં ભદ્રેશ્વર વિસ્તારના આર્થિક સામાજિક પછાત વર્ગના બાળકોના ઉજ્જવળ ભવિષ્ય માટે શાળામાં મફત શિક્ષણ સાથે બાળકોના સર્વાંગી વિકાસ માટે સંગીત, કમ્પ્યુટર, વ્યાયામ જેવા શિક્ષણની સુવિધાઓ પુરી પડાય છે, શાળામાં સ્માર્ટક્લાસ, કમ્પ્યુટર લેબ, વિજ્ઞાન લેબ, રમતગમતના સાધનો જેવી વિશેષ અને અદ્યતન સુવિધાઓ ઉપલબ્ધ છે, બાળકોને પોષણયુક્ત આહાર સાથે પુસ્તકો, નોટ-બુક, ગણવેશ, બૂટ- મોજા જેવી જરૂરિયાતની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે.

# રાપરમાં ગુરુવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ યોજાયો



ભુજ તા.૨૩

ગુરુપૂર્ણિમાને અનુલક્ષીને સેવી ઈન્ટરનેશનલ સ્કુલ-રાપરમાં ગુરુવંદન છાત્ર અભિનંદન કાર્યક્રમ ભારત વિકાસ પરિષદ-રાપર શાખા દ્વારા યોજાયો હતો. પ્રારંભે દિપ પ્રાગટય અને વંદેમાતરમ ગાન બાદ સંસ્થાના સભ્યોનું કુમકુમ તિલક દ્વારા છાત્રોએ સ્વાગત કર્યું હતું.ભારતીય સનાતન સંસ્કૃતિમાં ગુરુનું મહત્વ દર્શાવતા ગીત, નૃત્ય અને વકતૃત્વ રજૂ કર્યા હતાં. છાત્રોએ ગુરુઓનું પૂજન કર્યું હતું ગુરુઓએ છાત્રોને આશીર્વાદ પાઠવ્યા હતા.સંસ્થા દ્વારા તેજસ્વી છાત્રો અને શિક્ષકોનાં પ્રમાણ પત્ર સાથે સન્માન કરવામાં આવ્યાં હતાં.મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત નયન સુરૈયા એ છાત્રોના જીવનમાં શિક્ષકોનું મહત્વ વિષે પ્રાસંગીક વક્તવ્ય આપ્યું હતું. અને સૌ છાત્રો ઉચ્ચ શિક્ષણ મેળવી જીવન ધ્યેય તરફ ગતી કરે એવી શુભકામનાઓ પાઠવી હતી ભારત વિકાસ પરિષદ-રાપર શાખાના હોદેદારો અને સદસ્યો હાજર રહ્યા હતા.ગુરુવંદન છાત્ર અભિનંદન પ્રકલ્પના સંયોજક કલ્પેશગીરી એચ.ગોસ્વામી અને સહસંયોજક કલ્પેશગીરી ગોસ્વામીએ જહેમત ઉઠાવી હતી. શાળાના ડાયરેક્ટર ભરત મઢવી,આચાર્ય અને સ્ટાફ સહયોગી રહ્યો હતો.

# ગુરુપૂર્ણિમા માટે ગુરુ ક્યાં ? : કચ્છમાં કથળતા શિક્ષણ સ્તર અંગે રજૂઆત

અંજાર તા.૨૩

કચ્છની દરેક શાળાઓમાં શિક્ષણનું સ્તર સુધારવા શાળાઓની નિયમિત મુલાકાત લઈ વ્યસની શિક્ષકોનું સર્વે કરાવી અને પગલાં લેવાની માંગ કોંગ્રેસ આગેવાન દ્વારા કરાઈ છે. જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીને જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી એડવોકેટ દિનેશ માતાએ પાઠવેલ પત્રમાં જણાવ્યું હતું કે, સરકારી શાળાઓમાં શિક્ષકો અને ઓરડાઓની ઘટ, સરકારી તાયફાઓ, શિક્ષકોને વહીવટી તેમજ અન્ય સરકારી કામગીરીમાં રોકવાનાં કારણે દિવસો દિવસ શિક્ષણ સ્તર કથડી રહયું છે, અમારા ધ્યાનમાં છે ત્યાં સુધી આપ દ્વારા કે સ્થાનિક તાલુકા શિક્ષણ અધિકારી કે બી.આર.સી, સી.આર.સી.સ્તરે યોગ્ય ધ્યાન આપવામાં આવતું ન હોવાથી હાલત કથળી છે. જો આ કથડતા શિક્ષણનાં સ્તરને સુધારવામાં નહીં આવે તો ગરીબ વાલીઓને પોતાનાં બાળકોને શિક્ષિત કરવાનું મુશ્કેલ બનશે. જ્યાં પણ શિક્ષકોની ઘટ છે ત્યાં તાત્કાલિક જગ્યાઓ ભરવામાં આવે, રૂમોની ઘટ છે ત્યાં રૂમો બનાવવામાં આવે, તેમજ વહીવટી અને સરકારી કામોમાં શિક્ષકોને મુક્ત કરવા અને આપના તેમજ તંત્ર દ્વારા શાળાઓની રેગ્યુલર મુલાકાત કરવામાં આવે. ઉપરાંત કલાસરૂમમાં શિક્ષકો સ્માર્ટ ફોનનો ઉપયોગ ન કરે તે માટે યોગ્ય નિયમો બનાવવામાં આવે હાલ અમારા ધ્યાનમાં આવ્યું છે કે,અનેક શાળાઓમાં શિક્ષકો ગુટખા, તંબાકુ, સિગરેટ તેમજ અન્ય વ્યસનોનાં આદી બન્યા છે, જેનાં કારણે વિદ્યાર્થીઓ ઉપર ખોટી અસર પડે છે, ગુરૂ વ્યસની હોય ત્યાં છાત્રો અનુકરણ કરે છે. તો આવા વ્યસની શિક્ષકોનું સર્વે કરાવી વ્યસન છોડાવવા માટે શીબીરોનું આયોજન કરાય તેવી માંગણી કરતા આ પત્રની નકલ શિક્ષણ મંત્રી, જિ.પં. અધ્યક્ષ અને અંજાર ધારાસભ્યને પણ પાઠવાઈ હતી.

# મોટી વિરાણી ગામે ગુરુ પૂર્ણિમા ઉજવણી કરાઈ



નખત્રાણા, તા.૨૩

નખત્રાણા તાલુકાના મોટી વિરાણી ગામે ગુરુ પૂર્ણિમા ઉજવણી રામ મંદિર રવિભાણ આશ્રમ ખાતે ગુરુ પૂર્ણિમા ઉજવણી કરવામાં આવી હતી.જેમાં સંદગુરૂની પાદુકા પૂજન, આરતી, સતસંગ, યજ્ઞ તેમજ મહાપ્રસાદ ભોજન, પ્રવચન, હોમ-હવન ગુરુની પુજા સહિતના કાર્યક્રમો યોજાયા હતા. તેમજ ભજન સંતસંગ કલાકાર નંદલાલ પંચાલ દ્વારા ભજનોની રમઝટ બોલાવી હતી.પ્રવચન મહાપ્રસાદ તેમજ ભજન સંતસંગ લોહાણ મહાજન દરીયા સ્થાન મધ્યે રાખવામાં આવ્યું હતું.જેમાં મોટી સંખ્યામાં ભાવિ ભક્તોએ લાભ લીધો હતો. મંહત શાન્તીદાસજી મહારાજ ગુરુલક્ષ્મી દાસજી મહારાજ લંગુ મહંત સુરેસદાસજી મહારાજ તેમજ તમામ સમાજના આગેવાનો તેમજ અબડાસાના ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા, ગામ વિકાસ મંડળના પ્રમુખ ભરત સોમજીયાણી,ગામના સરપંચ ગોવિંદ બડીયા તેમજ બહારથી પધારેલ મહેમાનો મોટી સંખ્યામાં લોકો ગુરુ પૂર્ણિમા ઉજવણીમા જોડાયા હતા અને વથાણ ચોક થી શારદા મંદિર શાળા સુધી વાહનોના થંપા જોવા મળ્યા હતા.આયોજન રામ મંદિર સેવા સમિતિ રવિભાણ આશ્રમ દ્વારા કરવામાં આવ્યું હતું.

Printer, Publisher and Owner : Jay Dineshbhai Dave, Printed at NIDHIRESH PRINTERY, Plot No. 50, KailashDham Society, Nr. Ruda Transport Nagar, SatHanuman Temple, Navagam, Rajkot, Published from 9, Matrubhav, Satyam Society, Bhuj - Kutch. Editor : Jay Dineshbhai Dave Responsible for News Under PRB Act

# કચ્છને મેહુલિયાએ તરબોળ કર્યા ! નખત્રાણા, મુન્દ્રા-માંડવી, અબડાસા સર્વત્ર પાણી-પાણી...

**પાણી તરસ્યુ કચ્છ લાંબા સમયથી વરસાદની રાહ જોઇ રહ્યુ હતુ તે વચ્ચે સોમવારે રાતથી કચ્છમાં પડેલા વરસાદથી કચ્છ તુપ્ત થઇ ગયુ હતુ : ખાસ કરીને અબડાસા, મુન્દ્રા, માંડવી, લખપત, રાપર, નખત્રાણા શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વરસાદથી ચૌ તરફ પાણી-પાણી થઇ ગયુ હતુ ક્યાક મુશ્કેલી ચોક્કસ સર્જાઇ હતી પરંતુ મનમુકીને વરસાદ વરસતા કચ્છીઓમાં ખુશી છવાઇ હતી, જીવાદોરી સમાન અનેક ડેમ છલકાઇ ગયા હતા**






ભુજ તા.૨૩

કચ્છ જિલ્લામાં સોમવાર મધરાતથી મંગળવારે દિવસભર મેઘરાજા સાવર્ત્રિક વરસતા કચ્છમાં બરોબરનો અષાઢી માહોલ જામ્યો હતો કચ્છમાં સૌથી વધુ વરસાદ નખત્રાણમાં પડ્યો હતો જેને કારણે કાયમી સમસ્યા સાથે અનેક સ્થળે મુશ્કેલી સર્જાઇ હતી. જો કે વરસાદની ચાતક નજરે રાહ જોતા લોકો, ખેડુતો, પશુપાલકોમાં વરસાદથી ખુશી છવાઇ હતી. તેમાય સોમવારે રાત્રે વરસાદ પડ્યા બાદ થોડા કલાકોમાં ચાર ઇંચ વરસાદથી નખત્રાણા શહેર પાણી-પાણી થઇ ગયુ હતુ શહેરની બજારોમાં જાણે નદી વહેતી હોય તેવા દ્રશ્યો સર્જાયા હતા તો ભારે પ્રવાહથી વેપારીઓ,રાહદારીઓ મુશ્કેલીમાં મુકાયા હતા.અને કલાકો વાહન વ્યવહાર નખત્રાણા- માતાનામઢ રસ્તે થંભી ગયો હતો. જ્યારે મથલ પાપડી બે કાંઠે વહેતા બન્ને તરફ ભારે ટ્રાફિકજામ સર્જાયો હતો. આ સિવાય માંડવી અને અબડાસા, મુન્દ્રા, ભુજ, રાપર તાલુકામાં પણ મેઘ વર્ષા થી નદી-તળાવો છલકાઇ ગયા હતા અને નિચાણવાળા વિસ્તારમાં પાણી ભરાયા હતા. અબડાસાનો કંકાવટી ડેમ, મીઠી ડેમ છલકાઇ ગયા હતા તો માંડવી શહેરનું ઐતિહાસિક ટોપણ સર તળાવ ઓવરફલો થઇ ગયું હતુ. આ ઉપરાંત માંડવી રૂકમાવતી નદી પર જોશભેર પાણી વહી નિકળ્યા હતા જેને કારણે વાહનવ્યવહાર અવરોધાયો હતો.

મંગળવારે વહેલી સવારથી વાગડ વિસ્તારના રાપર તાલુકા મથક તથા આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદના ઝાપટા શરૂ થયાં હતાં અને દશ વાગ્યા સુધી એક ઈંચ વરસાદ વરસી ગયો હતો બાદમાં ૧૦ વાગ્યા બાદ જોરદાર વરસાદ તુટી પડ્યો હતો અને જો તજોતામાં પાણી પાણી થઈ ગયું હતું રાપર શહેર માં સાંજના ૪ વાગ્યા સુધી સાર્વત્રીક ચાર ઈંચ વરસાદ પડ્યો હતો વરસેલા વરસાદથી રાપર શહેરમા પાણી પાણી થઈ ગયું હતું ઠેકઠેકાણે પાણી ભરાઈ ગયા હતા નગરપાલિકા ની પ્રિ મોન્સૂન ની કામગીરી કાગળ પર જોવા મળી હતી. તો રાપરના ગ્રામ્ય વિસ્તાર ફતેહગઢ, શાનગઢ, સલારી,સુવઈ, રામવાવ, ત્રંબૌ, નિલપર, પ્રાગપર, સલારી, સહિત ના ગામોમા તથા સમગ્ર વાગડ વિસ્તારમાં એક ઈંચ થી ત્રણ ઈંચ સુધી વરસાદ પડ્યો હતો જેને કારણે શેરીઓમાં અને મુખ્ય બજારમા પાણી વહી નિકળ્યા હતા.

તો લખપત,અબડાસા સહિતના વિસ્તારમાં પડેલા વરસાદથી અનેક ગામો બેટમાં ફેરવાયા હતા અબડાસાના કોઠારા,મોથાળા,ખીરસરા સહિત અનેક ગામોમાં વરસાદ પડ્યો હતો જેને કારણે મહત્વના ડેમો છલકાઇ ગયા હતા અને અનેક રસ્તાઓ બંધ થયા હતા તો નખત્રાણામા પણ પડેલા વરસાદથી અનેક ગામોને જોડતા રસ્તાઓ બંધ થઇ ગયા હતા રસ્તામાં આવતી પાપડીમાં જોશભેર પાણી વહી નિકળતા વાહન વ્યવહાર અવરોધાયો હતો. અબડાસાનુ બાળા ગામ ફરી સંપર્ક વિહોણુ બન્યુ હતુ. તો અનેક સ્થળે વાહનો પણ ફસાયા હતા દુમરા નજીક ટ્રેકટર ફસાયુ હતુ તો માંડવીમા એક કાર ફસાઇ હતી. આમ કચ્છમા સાર્વત્રીક વરસાદથી અનેક તાલુકા અને ગામો તરબોળ બન્યા હતા અને લોકોમાં વરસાદથી ખુશી ફેલાઇ હતી. હજુ પણ કચ્છમાં ભારે વરસાદની આગાહી છે ત્યારે કચ્છમા મંગળવારે અને બુધવારે પણ વરસાદની શક્યતા છે જે કદાચ મુશ્કેલી સર્જી શકે છે.

## રૂકમાવતી નદી બે કાંઠે



માંડવીની રૂકમાવતી નદી બે કાંઠે વહેતા નદી ઉપર થી મદનપુરા-કોડાય ની અવરજવર સંપૂર્ણ બંધ થઇ ગઇ હતી કચ્છમાં મંગળવારે સૌથી વધુ વરસાદ માંડવીમા નોંધોય હતો.લોકો પ્રવાહ જોવા ઉમટી પડ્યા હતા

## વૃક્ષ-દિવાલનો ભાગ પડ્યો




મુન્દ્રામાં જૂની બીએડ કોલેજ ની સામે હોળી ચકલા વિસ્તારમાં વરસાદમાં જર્જરિત બંધ હાલત માં પડેલી ઈમારતનો ભાગ ધરાશાયી થયો હતો તો અબડાસામાં મોથાળા નજીક ઝાડ પડ્યુ હતુ

## મથલ નદીનો પ્રવાહ શરૂ



સારા વરસાદ બાદ નખત્રાણામાં અનેક માર્ગો બંધ થઈ ગયા હતા જેમાં નખત્રાણા લખપત પર પાણીનો પ્રવાહ શરૂ થતા ડાયવર્ઝનની બન્ને બાજુ વાહનો અટવાયા હતા

## બાડા ગામ ફરી સંપર્ક વિહોણુ




તાલુકાનુ બાડા ગામ સંપર્ક વિહોણા બન્યું હતું આગલા વર્ષે પણ ગામ ત્રણ વખત સંપર્ક વિહોણા બન્યું હતું.તો મિયાણી ગામ પણ સંપર્ક વિહોણુ બન્યુ હતુ. તો મોથાળા, કોઠારા સહિત અનેક ગામોમાં જાણે નદી વહી નિકળી હતી

## ગઇ ભેંસ પાની મે....




મુન્દ્રા વિસ્તારમાં પણ સારા વરસાદ બાદ માલધારીની ભેંસો તણાઈ હતી સિરાચા નજીક પાણીના પ્રવાહમાં ૯થી વધુ ભેંસ તણાતા માલધારી પર આફત આવી હતી. કચ્છમાં વરસાદ બાદ પચ્છિમ કચ્છમા પણ નદીમાં ગાય તણાઈ તેનો વિડીયો સામે આવ્યો હતો

## કાર-ટ્રેક્ટર ફસાયા




ભારે પ્રવાહમાં વાહનો ફસાયા માંડવી તાલુકા ના ગુંદિયાળી ગામે પાપડી માં કાર પાણી માં ફસાઈ હતી સદનશીબે ચાલકોને બચાવ થયો હતો બીજી તરફ ડુમરા માં નદીમાં ટ્રેક્ટર તણાયો જેને જેસીબીની મદદથી બહાર કઢાયુ હતુ બન્ને કિસ્સામાં ચાલકનો બચાવ થયો હતો.

## વરસાદી વિજળીથી મોત




કચ્છમાં લખપત તાલુકામા આકાશી વિજળી આફત બની છે ગઇકાલે જ્યા એક યુવાનનુ વિજળી પડતા મોત થયુ હતુ ત્યા છેવાડા નાં નરા વાડી વિસ્તારમાં ૨૦ વર્ષિય યુવાન પર વીજળી પડતાં મોત થયુ હતુ સંદિપસિંધ મુખ્યાતરસિંધ રાયશીખનુ વિજળી પડતા મોત થયુ હતુ. લખપતમાં બે દિવસમાં વિજળીએ બે યુવકના ભોગ લીધા છે.

## આશાપુરા ધામ પાણી-પાણી



કચ્છના પ્રસિદ્ધ યાત્રાધામ માતાનામઢમાં વરસાદ બાદ ગામ વચ્ચેથી નદીનું જોશભેર પાણી વહેતા બસ સ્ટેશન વિસ્તાર તેમજ મંદિર પ્રવેશ ગેટ નંબર ચાર વાળી શેરીમાંથી પાણી વહી નીકળ્યા હતા. સ્થિતી બાદ સરકારી નાણાનો વેડફાટનો આક્ષેપ કરાયો હતો. માતાનામઢમાં કરોડોના કામ છંતા સમસ્યા સર્જાય છે.

## ભારે વરસાદથી અનેક માર્ગ બંધ થયા












કચ્છમાંસોમવારઅનેમંગળવારેપડેલાભારેવરસાદનેકારણેમાંડવી,નખત્રાણા, અબડાસાના અનેક માર્ગો અવરોધાયા હતા. ભારે વરસાદના પગલે નખત્રાણા તાલુકામાં માર્ગો બંધ થયા હતા જેમાં મથલ પાસે નખત્રાણા-લખપત રાજ્ય ધોરીમાર્ગ બંધ થયો હતો તો જદોડર પાસે નખત્રાણા-નલિયા રાજ્ય ધોરીમાર્ગ બંધ થયો હતો સાથે તાલુકાના આંતરિક માર્ગ પણ ભારે વરસાદને કારણે બંધ રહ્યા હતા તો નખત્રાણા બસ સ્ટેશન નજીક પાણી વહી નિકળતા લાંબા સમય સુધી વાહન વ્યવહાર ખોરવાયો હતો તો માંડવીમાં રકમાવતી નદી બે કાંઠે વહેતા તે માર્ગ પણ બંધ થયો હતો તો ગુંદિયાળી સહિત માંડવીના અનેક કોઝવે પર પાણી વહી નિકળતા તો લખપતના દયાપર નજીક પણ તળાવ છલકાઇ જતા રસ્તો અવરોધાયો હતો. અબડાસાના બાળા ગામ નજીક કોઝ વે પર પાણી વહી નિકળતા રસ્તો અવરોધાયો હતો અને ગામ સંપર્ક વિહોણુ બન્યુ હતુ.જો કે વરસાદ ઓછા થતા ફરી વાહન વ્યવહાર પુર્વવત થયો હતો

## મધ્યમ સિંચાઈના છ ડેમ ઓવરફલો




કચ્છમાં પડેલા સારા વરસાદથી કચ્છમાં મેઘ ઉત્સવ જેવો માહોલ સર્જાયો છે. પાણી તરસ્યા કચ્છમાં સારા વરસાદ બાદ મધ્યમ સિંચાઇના જીવાદોરી સમાન છ ડેમ છલકાઇ ગયા છે. જેમાં અબડાસાના કંકાવટી,બેરાચીયા,મીઠી ડેમ લખપતનો ગજણસર ડેમ,મુન્દ્રાના કારાધોધા વરસાદમાં બીજી વાર છલકાયો તો માંડવીનો ડોણ ડેમ સંપુર્ણ ઓવરફલો થયા હતા નખત્રાણા વિસ્તારમાં પડેલા સારા વરસાદ બાદ મથલ ડેમ ૯૫ટકા ભરાઇ ગયો છે. આ સાથે અન્ય ડેમમાં પણ પાણીની નવી આવક થઇ હતી તો નાની સિંચાઇના પણ ડેમ છલકાયા હતા જેમાં માંડવી તાલુકા રાજડા,મુન્દ્રાનો ગેલડા ડેમ ઓગન્યો હતો તો ધોફી મોટી ડેમ ઓવરફલો થયો હતો તો માંડવીના ટોપણસર સહિત અનેક ગામના તળાવો છલકાયા હતા. જેને કારણે તેને વધાવવામા આવ્યા હતા. અને હજુ વરસાદના પગલે તળાવો ડેમો છલકાય તેવી આશા મંડાઇ છે.


## કચ્છમે બોરો 'મી' આયો...જ્યા જુવો તો પાણી





કચ્છમાં સોમવાર અને ખાસ કરીને મંગળવાર મંગળ સાબિત થયો છે. મંગળવારે કચ્છના ૧૦ એ તાલુકામાં સારો વરસાદ પડતા ખેડુતો ખુશ થયા છે. સમગ્ર કચ્છમાં ગત રાત્રી ના ૧૨ વાગ્યા થી આજે મંગળવારના સાંજના ૬ વાગ્યા સુધી વરસેલા વરસાદના આંકડા જોઈએ તો જાણકારી અંજાર ૨૪ મીમી,અબડાસા ૧૯ મીમી ,ગાંધીધામ ૩૬ મીમી નખત્રાણા ૧૭૦ મીમી, ભચાઉ ૦૬ મીમી, ભુજ ૩૧ મીમી, મુન્દ્રા ૧૬૯ મીમી, માંડવી ૨૦૯ મીમી, રાપર ૧૦૮ મીમી, લખપત ૭૮ મીમી વરસાદ નોંધાયો હતો. જેને પગલે કચ્છમાં ખુશી ફેલાઇ હતી ક્યાક વાહનો ફસાયા, ક્યાક વૃક્ષ, દિવાલ પડી ક્યાક પશુઓ તણાયા પરંતુ કચ્છના ડેમમાં સારી આવક થતા ખેડુતો અને આમ લોકોમાં ભારે ખુશી ફેલાઇ હતી માંડવીમાં કેટલાક ખેતરો તળાવ બન્યા હતા જેને કારણે ખેડુતો દુખી હતા પરંતુ સરેરાશ સારા વરસાદથી કચ્છમાં ખુશી છવાઇ હતી. વરસાદ બાદ તંત્ર પણ એલર્ટ થઇ ગયુ છે અને કચ્છમાં ક્યાક મુશ્કેલી ન સર્જાય તે માટે સજ્જ છે. કચ્છમાં એનડીઆરએફની એક ટીમ પહેલાથી સજ્જ હતી ત્યારે જરૂરી પડે તેને મુકવા સહિતની તંત્રની તૈયારી છે. તો ડેમો છલકાતા નિચાણવાડા વિસ્તારમાં તંત્રએ ગામો સતર્ક કર્યા છે સાથે વિજ પુરવઠો કે જે ગામો સંપર્ક વિહોણા બન્યા છે ત્યા રાહત મદદ કઇ રીતે પહોંચે તે માટે તંત્રએ કવાયત શરૂ કરી છે શાળાઓ માટે શિક્ષણ વિભાગે એડવાઇઝરી જાહેર કરી છે અને જરૂર પડે શાળાઓએ લેવાના પગલા અંગે સુચીત કરાયા છે. કચ્છમાં વરસાદ બાદ પાણીથી તળાવો છલકાઇ જતા મેઘ ઉત્સવ જેવો માહોલ સર્જોયો હતો ઉપરોક્ત તસ્વીરમા માંડવીમાં ટોપણસર તળાવ વધાવાયો તેની છે તો અન્ય તસ્વીર નખત્રાણામાં વરસાદ બાદ સર્જાયેલા દ્રશ્ર્યની છે તો રાપરમાં સારા વરસાદ બાદ શહેરમાં પાણી ફરી વળ્યા હતા. કચ્છમાં વરસાદે અનેક જગ્યાએ મુશ્કેલી સર્જી છે અને હજુ વધુ આગાહી કરાઇ છે ત્યારે સૌ કોઇ આકાશ તરફ મીટ માંડી બેઠા છે. જો કે સારા વરસાદથી કચ્છના હૈયે ભારે ઉમળકો છે.

## મુખ્યમંત્રી એ આકાશી આફતનુ હવાઈ નિરીક્ષણ કર્યું



નવી દિલ્હી , તા.૨૨

કચ્છમાં મંગળવારે ભલે વરસાદ શરૂ થયો હોય પંરતુ તે પહેલા સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતમાં છેલ્લા કેટલાક દિવસોથી ભારે વરસાદ વરસ્યો છે. જેના પગલે અનેક વિસ્તારોમાં પૂરની સ્થિતિ સર્જાઈ છે. આજે સીએમ ભુપેન્દ્ર પટેલ સૌરાષ્ટ્રના પૂરગ્રસ્ત વિસ્તારોનું નિરીક્ષણ કર્યું હતુ. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે દેવ ભૂમિ દ્વારકા અને જામનગર જિલ્લામાં ભારે વરસાદને કારણે સર્જાયેલી પરિસ્થિતિની જાત માહિતી મેળવવા મુખ્ય સચિવ રાજકુમાર સાથે આ અસરગ્રસ્ત વિસ્તારોનું હવાઈ નિરીક્ષણ કર્યું હતું.મુખ્યમંત્રીના અધિક મુખ્ય સચિવ પંકજ જોષી તેમજ પોલીસ મહા-નિદેશક વિકાસ સહાય પણ સાથે જોડાયા હતા.છેલ્લા ૨૪ કલાકમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધારે વરસાદ દ્વારકાના કલ્યાણપુરમાં ૧૧ ઈંચ પડ્યો છે. માણાવદરમાં ૧૦ ઈંચ વરસાદ વરસ્યો છે. જ્યારે વિસાવદરમાં ૯ ઈંચ વરસાદ પડ્યો હતો. તેમજ પલસાણા અને કેશોદમાં ૮.૫ ઈંચ વરસાદ ખાબક્યો હતો. તેમજ દ્વારકામાં પોણા ૮ ઈંચ અને કપરાડામાં ૮ ઈંચ વરસાજ વરસ્યો હતો. આ ઉપરાંત વાપી, માળીયાહાટીના, ચીખલીમાં ૬ ઈંચ વરસાદ પડ્યો હતો. કામરેજ અને ઉપલેટામાં ૬ ઈંચ વરસાદ પડ્યો છે. તેમજ ૩૧ તાલુકામાં ૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો હતો. જો ટકાવારી અનુસાર વરસાદની વાત કરીએ તો આ સિઝનમાં ૪૪.૨૯ ટકા વરસાદ પડ્યો છે. જેમાં સૌથી વધારે સૌરાષ્ટ્રમાં ૬૬ ટકા વરસાદ વરસ્યો છે. જ્યારે દક્ષિણ ગુજરાતમાં ૫૦ ટકા અને ઉત્તર ગુજરાત-મધ્ય ગુજરાતમાં માત્ર ૨૪ ટકા વરસાદ પડ્યો છે.પુરગ્રસ્ત વિસ્તારોની મુલાકાત સાથે ત્યા ચાલી રહેલ બચાવ-રાહતની કામગીરી સહિતની સમિક્ષા પણ કરાઇ હતી જે બાદ સરકાર આ વિસ્તારો માટે ખાસ મહત્વની જાહેરાત કરી શકે છે.